Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૪૧
તા.૧૮-૦૩-૨૦૧૮, રવિવાર
સંવત ૨૦૭૪ ચૈત્રસુદ - ૦૧
પાના : ૮ ● કિંમત રૂ.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૪૮ સૂર્યાસ્ત : ૦૬:૪૯

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૭.૨ | વડોદરા | ૩૬.૭ |
| અમદાવાદ | ૩૬.૮ | સુરત | ૩૭.૧ |
| ગાંધીનગર | ૩૫.૦ | નલિયા | ૩૨.૬ |

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ભાજપની નીતિ ‘ભાગલા કરો, રાજ કરો’ : રાહુલ

## વિચાર વૈભવ...

### પામરતાનું પાપ

દેશમાં પક્ષો તો હંમેશાં રહેવાના જ. કોઈપણ સુધારાને માટે બધાને સામાન્ય એવો કાર્યક્રમ શોધી શકાય નહીં. કારણ, કેટલાક બીજાઓના કરતાં વધારે આગળ જવાનું ઈચ્છનારા હોય. આવી તંદુરસ્ત વિવિધતામાં હું હરકત જોતો નથી.

પણ આપણામાંથી જે વસ્તુ હું દૂર કરવા ઈચ્છું છું તે તો એ કે, આપણે એકબીજા પર ખોટા હેતુઓનું આરોપણ ન કરીએ. આપણને ઘેરી વળેલું પાપ એ આપણા મતભેદો નથી પણ આપણી પામરતા છે. શબ્દો ઉપર આપણે મારામારી કરીએ છીએ. ઘણી વાર તો પડછાયાને માટે આપણે લડીએ અને મૂળ વસ્તુ જ ખોઈ બેસીએ છીએ. ખરેખરી નડનારી વસ્તુ આપણા મતભેદો નથી, પણ તેની પાછળ રહેલી આપણી લઘુતા છે.

- મો.ક.ગાંધી

## સાર સમાચાર...

### એટીએમમાં ઝડપથી ફેરફારો કરવા માટેના નવા હુકમો જારી

મુંબઈ

રીઝર્વ બેંકે રૂપિયા ૨૦૦ની નોટના સપ્લાયને વધારી દેવા માટેની શરૂઆત કરી દીધી છે. આની સાથે જ આરબીઆઈએ હવે ૨૦૦ રૂપિયાની નવી નોટ માટે બેંકોને એટીએમમાં ફેરફાર કરવા માટે કહ્યુ છે. આ સમગ્ર મામલે સ્થિતી પર નજર રાખી રહેલા સુત્રોએ કહ્યુ છે કે આરબીઆઈના આદેશ બાદ અમલીકરણ માટે બેંકિંગ ઈન્ડસ્ટ્રીઝને ૧૦૦૦ કરોડ રૂપિયાથી વધારેની રકમ ખર્ચ કરવી પડી શકે છે. બેંકો પર આ બોજ એવા સમય પર આવનાર છે જ્યારે બેંકો પહેલાથી જ બેડ લોનના કારણે પરેશાન છે.

## કોંગ્રેસ મહાઅધિવેશનનો પ્રારંભ, પક્ષનું ધોવાણ અટકાવી ૨૦૧૯માં પુનઃ સફળતા મેળવવા મથામણ શરૂ : સોનિયા ગાંધીએ કહ્યું, સત્તા માટે ખોટી નારેબાજી કરનાર મોદીને હવે અમે સબક શીખવશું

ન્યુ દિલ્હી

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીના સંબોધનની મહાધિવેશનની શરૂઆત થઈ હતી. રાહુલે તેમના ભાષણમાં મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. જ્યારે બપોરે સોનિયા ગાંધીએ પણ મહાધિવેશનને સંબોધિત કરી હતી. સોનિયા ગાંધીએ તેમના ભાષણમાં કહ્યું હતું કે, મોદીએ ખુરશી માટે ખૂબ ખોટી નારેબાજી કરી હતી, હવે અમે તેમને સબક શીખવશું. આ મહાધિવેશનમાં રાહુલ ગાંધીએ અધ્યક્ષ તરીકે પ્રથમ વખત ભાષણ આપ્યું



હતું. રાહુલ ગાંધીએ આ ભાષણ માત્ર ૪ મીનીટ જ આપ્યું હતું અને તેમાં તેમણે મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા.

રાહુલ ગાંધીએ કોંગ્રેસના ૮૪માં મહાઅધિવેશનમાં ભાષણ દરમિયાન મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમારા માટે યુવાનો અને વૃદ્ધો બંને ખૂબ જરૂરી છે. હાલ દેશ થાકી ગયો છે અને એક નવી દિશા શોધી રહ્યો છે. દેશમાં હાલ ભાગલા પાડવાની રાજનીતિ કરવામાં આવી રહી છે. દેશમાં ગુસ્સો ફેલાવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. દેશમાં બેરોજગારી પણ સતત વધી રહી છે. કોંગ્રેસનો હાથ લોકોને જોડવાનું કામ કરશે. અધિવેશનમાં કોંગ્રેસ આગામી પાંચ વર્ષ માટે રણનીતિ અને દિશા નક્કી કરશે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ અધિવેશનમાં પાર્ટી ચાર પ્રસ્તાવ રજૂ કરશે. તેમાં રાજકીય, આર્થિક, વિદેશી મામલે તથા કૃષિ અને બેરોજગારી જેવા વિષયો સામેલ કરવામાં આવશે. પાર્ટી દરેક ક્ષેત્રે તેમનો દ્રષ્ટી-કોણ મુકશે અને વર્તમાન પરિસ્થિતિ સાથે તેની તુલના કરશે. બે દિવસના ગહન વિચાર વિમર્શ સત્રમાં રાજકીય સ્થિતિ સહિત બે પ્રસ્તાવોને પહેલા દિવસે રજૂ કરવામાં આવશે.

આજે કોલંબો ખાતે ફાઈનલ મેચ

## ભારત-બાંગ્લાદેશ વચ્ચે ફાઈટ ટુ ફિનિશ ટ્વેન્ટી જંગનો તખ્તો તૈયાર

સુકમા

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી છે તે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે આવતી-કાલે રવિવારના દિવસે ત્રિકોણીય ટ્વેન્ટી-૨૦ શ્રેણીની ફાઈનલ મેચ રમાનાર છે. આ મેચ ખુબ જ રોમાંચક બને તેવી શક્યતા છે. બાંગ્લાદેશે મહત્વપૂર્ણ મેચમાં યજમાન શ્રીલંકા પર બે વિકેટે જીત મેળવી લીધા બાદ તમામની ઉત્સુકતા વધી ગઈ છે. ફાઈટ ટુ ફિનિશ મેચમાં જીત મેળવી બન્ને ટીમો હવે ઈતિહાસ રચવા માટે તૈયાર છે. શરૂઆતી તબક્કામાં રમાયેલી બન્ને મેચોમાં ભારતે બાંગ્લાદેશ પર જીત મેળવી છે. જેથી તે હોટફેવરીટ સાથે મેદાનમાં ઉતરનાર છે. ભારતે આઠમી માર્ચના દિવસે બાંગ્લાદેશને છ વિકેટે હાર આપી હતી. જ્યારે ૧૪મી માર્ચના દિવસે ભારતે બાંગ્લાદેશ પર ૧૭ રને જીત મેળવી હતી. બન્ને મેચો જીતી લીધા બાદ ભારતીય ટીમ ફાઈનલ મેચમાં વધુ જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. રવિવાર હોવાથી મેદાનમાં મોટી સંખ્યામાં ચાહકો પહોંચે તેવી શક્યતા છે. ટ્વેન્ટી-૨૦ શ્રેણીની પ્રથમ મેચમાં જ હારનો સામનો કર્યા બાદ સતત મેચો જીતીને ભારતીય ટીમે પોતાની તાકાતનો પરિચય આપી દીધો છે. ભારતીય ટીમ આવતીકાલે કોલંબો ખાતે બાંગ્લાદેશ સામે મેદાનમાં ઉતરશે.

## રાધનપુરમાં બે દુકાનોમાં તસ્કરો ત્રાટક્યા : રૂ.૧.૪૫ લાખની ચોરી

### શહેર ભાજપ મહામંત્રીની દુકાનમાંથી રૂ.૧.૦૮ લાખની ચોરી

રાધનપુર

રાધનપુર શહેરમાં શુક્રવારે રાત્રે પટણી દરવાજાથી મીરા દરવાજા રોડ ઉપર દેના બેન્કની બાજુમાં શહેર ભાજપ મહામંત્રી કમલેશભાઈ તન્નાની દુકાનમાં



કમલ ચક્રવર્તી

તસ્કરોએ બીજા માળે આવેલું પતરું તોડીને દુકાનમાં ઉતરીને ઘી,સાબુ, શેમ્પુ, ચોકલેટો અને રોકડ રકમ મળીને રૂ.૧, ૦૮, ૦૪૪ ની તેમજ તેમની બાજુમાં આવેલી દુકાનમાં ઉપરની જાળી તોડીને દુકાનમાં પ્રવેશીને રૂ.૩૮,૫૦૦ ની ચોરી કરી જતા વેપારીઓમાં

અનુસંધાન પાના નં.૬

### વેપારીઓની રજુઆત

ભરબજારે બે દુકાનોમાં ચોરી થતા વેપારીઓ પોલીસ સ્ટેશને રજુઆત કરવા પહોંચી ગયા હતા,અને બાજુમાં દેના બેન્કના સી.સી.ટી.વી.કેમેરા ચાલુ હોવાથી તેની તપાસ કરવા રજુઆત કરી હતી,આ ઉપરાંત તસ્કરોને ઝડપી પાડવા ઉગ્ર રજૂઆતો કરી હતી.આ પ્રસંગે પ્રકાશભાઈ દક્ષિણી,મનુભાઈ પરિવાર,રાજુભાઈ વનજાની, ચકનભાઈ આચાર્ય,કમલેશભાઈ ગોકલાણી,તુષારભાઈ ઠક્કર સાહિત અગ્રણી વેપારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધાનબજારની યાદ આવી

થોડાક સમય પહેલા શહેરના ધાનબજાર વિસ્તારમાં પણ તસ્કરોએ ચાર દુકાનોમાં ઉપર ચડીને છત તોડીને દુકાનોમાં પ્રવેશીને તસ્કરી કરી હતી,એ જ રીતે આ બંને દુકાનોમાં ચોરી થવા પામી હોઈ લોકોને ધાનબજારની ચોરીઓ યાદ આવી ગયી હતી.પોલીસે એ દિશા તરફ તપાસ કરવી જોઈએ તેવી માંગ છે.

## પાલનપુરમાં ગાંજા સાથે ઝડપાયેલા આરોપીને દસ વર્ષની સજા

પાલનપુર

પાલનપુર રેલવે સ્ટેશનેથી એક વર્ષ અગાઉ ગાંજા સાથે ઝડપાયેલા શખ્સને પાલનપુરની ચીફ કોર્ટે દસ વર્ષની સજા અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. પાલનપુર રેલવે સ્ટેશને તા. ૨૪-૦૪-૧૬ ના રોજ રેલવે પોલીસે ચેકિંગ દરમિયાન ઓરિસ્સા ના ગંજામ જિલ્લાના જગદા લપુર સંતોષીનગરના શંકર લાબાનાયા શેઠી પાસે રહેલી ત્રણ બેગો તપાસી હતી. તેમાંથી ૬૦.૬૭૪ કિ.ગ્રા. ગાંજો મળી આવ્યો હતો. આ અંગેનો કેસ પાલનપુર સેસન્સ કોર્ટમાં રજીસ્ટરે લેવામાં આવ્યો હતો. દરમિયાન આ કેસ સ્પેશયલ કોર્ટમાં ચાલી

અનુસંધાન પાના નં.૬

## ડીસાથી વડાવળ જવા રિક્ષામાં બેઠેલ આધેડની લૂંટ

### ચાર શખ્સોએ માલગઢ લઈ જઈ મૂઢમાર મારી લૂંટી લીધા

પ્રતિનિધિ ડીસા,વડાવળ

ડીસા તાલુકાના માલગઢ ગામ પાસે બનેલી દિલધડક લૂંટની ઘટનામાં વડવાળનાં એક આધેડ વ્યક્તિને રિક્ષામાં બેસાડી ૪ શખ્સોએ મૂઢમાર મારી લૂટ ચલાવી હતી.પોતાનો જીવ બચાવવા આધેડ માલગઢ ભૈરવ ટેકરી નજીક નજીકના વિસ્તામાં ચાલુ રિક્ષામાંથી કુદી પડતા ગંભીર ઈજા થતાં ડીસા સિવિલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. બનાસકાંઠા જીલ્લામાં ડીસા હાઈવે પર ચોરી, લુંટ, મારામારી જેવી ગુન્હાખોરીએ માજા મૂકી છે. ગત માસે ભીલડી રોડ પર આંગડિયા લૂંટ અને તાજેતરમા



માલગઢ પાસે પેટ્રોલ પમ્પ પર માર મારી પંપ પર લૂંટ ચલાવી હતી. ત્યારબાદ વધુ એક લૂંટની ઘટના બનતા પોલીસ હરકતમાં આવી છે. આ અંગેની વિગત મુજબ મુજબ શુક્રવારે મોડી સાંજે વડાવળ ગામના અને શાળામાં પટાવાળા તરીકે નોકરી કરતા નારણભાઈ પંચાલ ડીસા ગાયત્રી મંદિરથી પોતાના ઘરે વડાવળ જવા માટે પેસેન્જર રીક્ષા બેસી રવાના થયા હતા. રિક્ષામાં અગાઉથી અન્ય ચાર શખ્સો પણ બેઠેલા હતા. રિક્ષા ચાલકે રિક્ષા હાઈવે ઓવરબ્રિજની જગ્યાએ માલગઢ ગામ તરફ હંકારતા નારણભાઈએ પૂછતા રિક્ષા ચાલકે કહેલ કે,

અનુસંધાન પાના નં.૬

### શરૂઆતમાં તો દારૂ પીધેલા સમજી કોઇ મદદ ન આવ્યું

લૂંટારૂંઓ રિક્ષામાં નારણભાઈને માર મારી રહ્યા હતા અને છરી બતાવી મારવા જતા નારણભાઈએ હિંમત કરી માલગઢ ભૈરવ ટેકરી પાસે એક પાર્લર ખુલ્લુ જોતા રિક્ષામાંથી કૂદી પડ્યા હતા અને બૂમાબૂમ કરવા લાગ્યાં હતાં. જોકે ત્યાં ઉભેલા કેટલાક લોકો શરૂઆતમાં તો કોઈ દારૂ પીધેલા વ્યકિત હશે એમ સમજી મદદ કરવા તૈયાર ન હતા.પરંતુ નારણભાઈએ સમગ્ર આપવીતી જણાવતા તેઓને તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડ્યા હતા અને પરિવારજનોને જાણ કરી હતી.

# બનાસકાંઠા જિલ્લા પંચાયત પર કોંગ્રેસનો કબ્જો

## ભાજપના હોબાળા વચ્ચે કોંગ્રેસે સત્તા હસ્તગત કરી : ભાજપના સત્તા લાલસા પુરી ન થતા કરેલો હોબાળો ટીકાપાત્ર બન્યો

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લા પંચાયત પર આખરે કોગ્રેસે સત્તા મેળવી લેતા જિલ્લાવાસીઓની લાંબી આતુરતાનો અંત આવ્યો હતો. પાલનપુર ખાતે યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના તમામ સભ્યો પક્ષને વફાદાર રહી તેમના પ્રમુખ- ઉપપ્રમુખને બહુમતીથી ચૂંટી કાઢયા હતા. બીજી તરફ તડજોડમાં નિષ્ફળ રહેલા ભાજપની સત્તાલાલસા અધુરી રહેતા ભાજપે ધાંધલ ધમાલ સાથે હોબાળો કરી ચૂંટણી પ્રક્રિયાને ખોરંભે





ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. અંતે ચૂંટણી અધિકારીએ ભાજપના હોબાળા વચ્ચે કોંગ્રેસના પ્રમુખ- ઉપપ્રમુખને વિજેતા જાહેર કરતાં કોંગી છાવણીમાં હર્ષોલ્લાસ છવાઈ ગયો હતો.

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો પૈકી કોંગ્રેસના ૩૬ જ્યારે ભાજપના ૩૦ સદસ્યો વિજેતા થયા હતા. દરમિયાન પ્રમુખ- ઉપપ્રમુખની ચૂંટણીમાં ભાજપ દ્વારા કંઈક નવાજુની કરવામાં આવશે તેવી શક્યતાઓ વચ્ચે પાલનપુર ખાતે ચૂંટણી યોજવામાં આવી હતી. જ્યાં સહેલગાહે ગયેલા



સંજય જોષી

કોંગ્રેસના તમામ સભ્યોને ચૂંટણી સમયના અડધો કલાક પહેલા ખાનગી લકઝરીબસમાં જિલ્લા પંચાયત ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાંથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે સભાખંડમાં લઈ જવાયા હતા. જે બાદ ભાજપના ૩૦ સદસ્યો પણ સભાખંડમાં આવી પહોચ્યા હતા. જ્યાં ચૂંટણી અધિકારી જિલ્લા કલેકટર દિલીપ રાણા, જિલ્લા વિકાસ અધિકારી અમીત અરોરાએ ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. કલેકટર દ્વારા ભાજપ અને કોંગ્રેસના વ્હિપ વંચાણે લેવાયા હતા. જે બાદ પ્રમુખ પદની ચૂંટણી પ્રક્રિયા શરૂ કરતાની સાથે જ ભાજપના સદસ્યો તેમની બેઠક ઉપરથી ઉભા થઈ ગયા હતા. અને પાટલીઓ ખખડાવી.. ભારત માતાકી જય કોંગ્રેસ તેરી તાનાશાહી.. નહી ચલેગી, વંદે માતરમ જેવા સુત્રોચ્ચાર કરી સભાની કાર્યવાહી ખોરવી દીધી હતી.



બંને અધિકારીઓ વારંવાર માઈક ઉપર સૂચનો કરી ભાજપના સદસ્યોને બેસી જવા તેમજ વાંધો રજુ કરવા જણાવી રહ્યા હતા. પરંતુ ભાજપના સદસ્યોએ હોબાળો ચાલુ રાખ્યો હતો. એક સમયે પોલીસના કર્મચારીઓ આ સદસ્યોને બેસાડવા માટે દોડી જતાં ક્ષણિક ઝપાઝપીના દ્રશ્યો પણ જોવા મળ્યા હતા. જોકે, વીસ મિનીટ સુધી વારંવાર વિનંતી કરવા છતાં ભાજપી સદસ્યો શાંત ન થતાં આખરે ચૂંટણી અધિકારી દિલીપ રાણાએ હોબાળા વચ્ચે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. જેમાં કોંગ્રેસના પ્રમુખ પીનાબેન ઘાડીયા અને ઉપપ્રમુખ જશીબેન દીયાને ભાજપના પ્રમુખપદના ઉમેદવાર જતાબેન બલવંતસિંગ વાઘેલા અને ઉપ પ્રમુખ પદના ઉમેદવાર દિનેશભાઈ દવે સામે ૩૬ વિરૂધ્ધ ૩૦ મતોથી વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. જેના પગલે કોંગ્રેસની છાવણીમાં આનંદ પ્રસરી ગયો હતો. જ્યાં બહાર મોટી સંખ્યામાં એકત્ર થયેલા સમર્થકોએ પ્રમુખ- ઉપપ્રમુખ ને ફૂલહારથી વધાવી લઈ શુભેચ્છાઓ પાઠવી હતી.

### ભાજપનો હોબાળો ટીકાપાત્ર બન્યો

રાજકીય વિશ્લેષકો માની રહ્યા હતા કે, ભાજપ ગત ટર્મની જેમ આ વખતે પણ તડજોડ કરી કોંગ્રેસના સદસ્યોને ખેંચી લાવી સત્તા મેળવશે પરંતુ આ વખતે ચૂંટાયેલા કોંગી સદસ્યો પક્ષને વફાદાર રહ્યા હતા. આથી સત્તા ન મળવાને કારણે રઘવાયા થયેલા ભાજપના સદસ્યોએ કારણ વિના સભામાં હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસ દ્વારા પ્રમુખના પ્રબળ દાવેદાર લક્ષ્મીબેન કરેણની બાદબાકી કરતા ભાજપના મોઢામાં સત્તાની લાળ ટપકી હતી. જોકે, લક્ષ્મીબેન કરેણએ પાર્ટીના નિર્ણયને શિરોમાન્ય ગણાવી કોંગ્રેસ અકબંધ રહેતા સત્તા લાલસા પુરી ન થતા ભાજપે લોકશાહીના મૂલ્યોને નેવે મૂકી કરેલું વર્તન ચર્ચાની એરણે ચડ્યું હતું.

### ભાજપ પરાજય પચાવી શક્યું નહી

આ અંગે બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ દિનેશભાઈ ગઢવી, વાવ વિધાનસભાના ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, પાલનપુરના ધારાસભ્ય મહેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત સદસ્ય લક્ષ્મીબેન કરેણએ જણાવ્યું હતુ કે, ભાજપ પરાજય પચાવી શક્યો ન હોઈ હોબાળો કરી પોતાની સત્તા લાલસાને ઉજાગર કરી હતી. જોકે, આજે કોંગ્રેસના જિલ્લા પંચાયતના સદસ્યો સહિત ધારાસભ્યો અને જિલ્લા કોંગ્રેસ અગ્રણીઓ હાજર રહી પોતાની એકતાના દર્શન કરાવ્યા હતા. જયારે કોંગ્રેસી ગોત્રના બનાસકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ કેશાજી ચૌહાણની સૂચક ગેરહાજરી પણ ચર્ચાની એરણે ચડી હતી.

### કોંગ્રેસ અકબંધ રહેતા હવાતીયા મારતા ભાજપે ધાંધલ ધમાલ કરી

# શિહોરી પોલીસે રૂ.૨૦ લાખનો પરપ્રાંતીય દારૂ ઝડપ્યો



વિજય સિલ્વા

પ્રતિ. શિહોરી

જિલ્લા પોલીસ વડા નીરજ બડગુજરની સૂચનાથી અને દીઓદર ડી.વાય.એસ.પી. એચ.પી.ચૌધરીના માર્ગદર્શન હેઠળ શિહોરી વિસ્તારમાથી જુગાર દારૂને નેસ્ત નાબૂદ કરવા માટેની સૂચના મળતા શિહોરી પી.એસ.આઈ.જી.કે.જાડેજા ભોજુભા વાઘેલા પો.કો, હરદાસભાઈ. પો.કો, રણજીતસિંહ, માનાભાઈ પો.કો શિહોરી શિહોરી ખીમાણા નેશનલ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે એક આયસર ગાડી દારૂ ભરીને આવી રહી છે. તેવી બાતમી મળતા રતનપુરાના પાટિયા પાસે વોચ ગોઠવી રાત્રે આવી રહેલ આયસર ગાડી નંબર જીજે.૧૭.વાય.૯૪૨૪ આયસર ગાડી ટાટા કંમ્પનું ફૂલસ્પીડમાં આવી રહ્યું હતું ત્યાંરે પોલીસે રોકાવવા માટે ટોર્ચથી ઈશારો કરતા ડ્રાઈવર ગાડી સાઈડમાં ઉભી રાખી અંધારાનો લાભ લઈ ભાગીગયો હતો. ત્યાંરે પોલીસે ગાડીની તલાસી લેતા પાંસળના ભાગે ગાડીમાં બટાકાના કોથળા ભરેલા હતા અને કોથળાની નીચે ૪૦૦ પેટી પરપ્રાંતીય દારૂ સંતાડેલો હતો ત્યાંરે પોલીસે ગાડી શિહોરી પોલીસસ્ટેશન લાવી ગણતરી કરતા ૧૮૧૨૦ બોટલ તેની કિંમત રૂ.૧૯૯૨૦૦૦ રૂપિયા દારૂના અને રૂ ૫૦૦૦૦૦ ની આયસર ગાડી કુલ મુદ્દામાલ રૂ ૨૪૯૯૨૦૦૦ નો માલ શિહોરી પોલીસે પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ડીસામાં આજથી દેવી ભાગવત કથાનો પ્રારંભ

ડીસા

માનવ ઉત્થાન સેવા સમિતિ માનવ ધર્મ આશ્રમ (વાડીરોડ-ડીસા) દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિત્તે અને ગૌશાળાના લાભાર્થે સંતોષી માતાના મંદિરે (બેકરી કૂવા) આજે તા. ૧૮/૩/૨૦૧૮ થી ૨૫/૩/૨૦૧૮ સુધી શ્રીમદ્ દેવી ભાગવત જ્ઞાનયજ્ઞ કથાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સદ્ગુરૂદેવ શ્રી સતપાલજી મહારાજના શિષ્યા સાધ્વી શ્રી સારણી બાઈજી શ્રીમદ્ દેવી ભાગવત કથાનું રસપાન કરાવશે. જેનો લાભ લેવા શ્રધ્ધાળુ ભાઈ-બહેનોને અનુરોધ કરાયો છે.

# દીઓદરમાં જૈન ભોજન શાળાનો પ્રારંભ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે જૈન ભોજન શાળાની સવલત ન હોઈ ખૂબ જ પરેશાની રહેતી હતી.તાજેતરમાં દોશી અનીલભાઈ અને વિજયભાઈ શાહના પ્રયાસોથી જૈન ભોજન શાળાનો પ્રારંભ કરવામાં આવેલ છે.આ ભોજન શાળા માત્ર બપોરના સમયની રહેશે.જેમાં સવારે ૧૧ થી ૧.૩૦ સુધી જૈન સાધર્મિક ભક્તો માટે રહેશે.જમવા માટે ફોન નં.૭૦૯૬૧ ૬૧૦૩૬ ઉપર જાણ કરવા વિનંતી છે.આ ભોજન શાળા જૈન દેરાસરની બાજુમાં આઝાદ ચોક મધ્યે આયંબિલ શાળા ભવનની બાજુમાં શરૂ કરેલ છે.

# ધાનેરા સરકારી હોસ્પીટલમાં દારુડીયાઓનો વધી રહેલો ત્રાસ

## સરકારી હોસ્પીટલના કંપાઉન્ડમાં દારૂની થેલીઓના ઢગલાઓ



એન.કે.મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા સરકારી હોસ્પીટલ ની કંપાઉન્ડ દિવાલ ન હોવાના કારણે દારુડીયાઓ માટે સરકારી હોસ્પીટલની જગ્યા દારુની મહેફીલ માણવા માટેનુ એક સ્થળ બની ગઇ છે. તેમજ દારુડીયાઓના ત્રાસ થી સ્ટાફ પણ ભારે મુસ્કેલી ભોગવી રહ્યો છે. હોસ્પીટલના કંપાઉન્ડમાં દારુની બોટલો તેમજ થેલીઓ જોવા મળી રહી છે.

ધાનેરા માં દારુડીયાઓનો ત્રાસ વધી રહ્યો છે. અને તેઓ જાહેર માધ્યમની જગ્યાઓનો ખુલ્લેઆમ ઉપયોગ કરી રહ્યા છે. ધાનેરાની મિશ્ર શાળા નંબર-૧ અને સરકારી હોસ્પીટલ ની જગ્યાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેનુ મુખ્ય કારણ આ બન્ને જગ્યાઓની દિવાલો પુરમાં પડી ગઇ હતી જેથી હાલ આ જગ્યાઓ ખંડેર જેવી હાલતમાં પડી છે. આ હોસ્પીટલમાં રાત્રીના સમયે દારુડીયાઓ પોતાનો અડ્ડો જમાવતા હોય છે અને તે દારુની બોટલો હોય કે થેલીઓ તે ડૉકટરના રહેણાંક મકાનની પાછળ કે ખુલ્લામાં નાંખી દેતા હોય છે. તેમજ દારુડીયાઓ અપસબ્દો પણ જાહેરમાં બોઅલતા હોવાથી સ્ટાફને ભારે મુસ્કેલી ભોગવવી પડી રહી છે. આ બાબતે અગાઉ પોલિસને પણ જાણ કરવામાં આવેલ છે. તો પોલિસ આ બાબતે પગલાં ભરે તે ઈચ્છનિય છે.

નગરપાલિકાના પ્રમુખ બળવંતભાઇ બારોટે જણાવેલ કે એક તરફ સરકાર આરોગ્ય પાછળ કરોડો રુપિયાનો ખર્ચ કરે છે

અનુસંધાન પાના નં.૬

**જાહેર હરાજી**

**લાખણી તાલુકાના લાખણી ગામની આંગણવાડી નં.-૪ (જૂના પતરાવાંળો) ઓરડો - ૧ (એક) નાં કાટમાળની જાહેર હરાજી કરવાની હોઈ રસ ધરાવતા લોકોએ નીચેના સ્થળે સમયસર હાજર રહેવું.**

સ્થળ : લાખણી આંગણવાડી નં. ૪ (લાખણી પ્રા.શાળા નં.૧ ની સામે)
નોંધ : શરતો સ્થળ પર જણાવવામાં આવશે.

લિ.
સરપંચશ્રી, લાખણી ગ્રામ પંચાયત તથા
ત.ક.મંત્રી - લાખણી, તા. લાખણી, જિ.બનાસકાંઠા

### આજથી ચૈત્રી નવરાત્રિનો ધાર્મિક માહોલ સાથે પ્રારંભ

# વહેલી સવારે દેવી મંદિરોમાં સ્થાપન કરી નવરાત્રિનું વિશિષ્ઠ અનુષ્ઠાન કરાશે



નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

હિન્દુ ધાર્મિક સંસ્કૃતિમાં નવું વર્ષ ચૈત્ર સુદ એકમથી શરૂ થાય છે. આદ્યશક્તિ માં દુર્ગાના પાવન પર્વ ચૈત્રી નવરાત્રીનો આજે રવિવારથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. વર્ષ દરમ્યાન આમ તો કુલ ચાર નવરાત્રી આવતી હોય છે. જે પૈકી આસો અને ચૈત્ર નવરાત્રીનું વિશેષ મહત્વ રહેલું છે. જેથી આસો નવરાત્રીની જેમ ચૈત્રી નવરાત્રીમાં પણ ઠેરઠેર વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન થાય છે. વહેલી સવારે ઘટસ્થાપન કરી નવરાત્રીના પર્વનું વિશિષ્ટ અનુષ્ઠાન કરવાનો સંકલ્પ કરાશે. ડીસા ગાયત્રી શક્તિપીઠ પર વહેલી સવારે ૫ કલાકે ઘટસ્થાપન કરી સામુહિક અનુષ્ઠાન કરવાના સંકલ્પ લેવામાં આવશે. નવરાત્રી માતાજીની આરાધના કરવાના દિવસો ગણવામાં આવે છે. જેથી નવરાત્રી દરમિયાન ઠેરઠેર પૂજા-પાઠ, અનુષ્ઠાન, હોમહવન જેવા ધાર્મિક કાર્યક્રમનું આયોજન થાય છે. જેના કારણે મંદિરોમાં શ્રધ્ધા- ભક્તિ અને આસ્થાનો માહોલ રચાશે. જિલ્લામાં આવેલા અનેક દૈવી શક્તિના મંદિરોમાં નવરાત્રી પ્રસંગે વિશેષ ભીડ જોવા મળશે. ત્યારે જિલ્લા પ્રસિધ્ધ અંબાજી મંદિરમાં નવરાત્રી દરમિયાન હજારો માઈભક્તો માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવશે.

અનુસંધાન પાના નં.૬

**ચૈત્ર મહિનામાં તહેવારોની ભરમાર**

હિન્દુઓનું નવુ વર્ષ ચૈત્ર માસથી પ્રારંભ થતુ હોય છે. પવિત્ર ગણાતા ચૈત્ર માસમાં તહેવારોની ભરમાર જોવા મળે છે. જેમાં શરૂઆત ગુડી પડવોથી થાય છે. ત્યારબાદ ચેટીચાંદ ઉપરાંત ભગવાન શ્રીરામ જયંતિ, મહાવીર જયંતિ, સ્વામીનારાયણ જયંતિ, હનુમાન જયંતિ સહિતના અનેક તહેવારો ચૈત્ર માસમાં આવતા શ્રધ્ધાળુ લોકોમાં અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# શિહોરી ખાતે કૃષિ ગોષ્ઠિ કાર્યક્રમ યોજાયો



પ્રતિ. શિહોરી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર થરાદ દ્વારા શિહોરી કૃષિ સંશોધન કેન્દ્ર ખાતે કૃષિ ગોષ્ઠિ કાર્યક્રમનું ઉદ્ઘાટન કાંકરેજ ધારાસભ્ય કિર્તિસિંહ વાઘેલાના હસ્તે કરવામાં આવેલ.

આ કાર્યક્રમમાં ધારાસભ્યએ ખેડુતોને વૈજ્ઞાનિક અભિગમ અપનાવી, વધુ ઉત્પાદન મેળવવા માટે પ્રયત્ન શરૂ કરી દીધા છે, પરંતુ ખેડૂતોએ ખેતીમાં વૈજ્ઞાનિક માટે અપનાવી વધુ ઉત્પાદન મેળવવા માટે ખેતી કરવાનો ભાર મૂકવામાં આવે છે. આ કાર્યક્રમમાં કાંકરેજ તાલુકાના ૨૦૦ ઉપર ખેડુતોએ હાજરી આપી હતી. અને વૈજ્ઞાનિક પધ્ધતિથી ખેતી કરવાની માહિતી મેળવી હતી.

આ કાર્યક્રમમાં યુનિવર્સિટી ડૉ.કે.એ ઠક્કર, એ.જી.દેસાઈ, પ્રવિણભાઈ પટેલ, કૃષિવિદ્યાન કેન્દ્રના ડૉ.વી.ડી.પટેલ, તેમજ શિહોરી કૃષિ સંશોધન કેન્દ્રના વૈજ્ઞાનિક એ તથા સ્ટાફ રિલાયન્સ ફાઉડેશનના પ્રતિનિધી ઉપસ્થિત રહેલ.

આ કાર્યક્રમનું સંચાલન પી.એચ.રબારી આર.એન. પટેલે કર્યું હતું.

### નર્મદા પ્રોજેક્ટ ૨૦૧૯ પરિપૂર્ણ કરવા તૈયારી

# નર્મદા પ્રોજેક્ટ : ૧૧૩૧ કરોડની વધારાની ગ્રાન્ટ મંજુર

**નર્મદા પ્રોજેક્ટને પરિપૂર્ણ કરવા કેન્દ્ર સરકાર તમામ રીતે સહાયતા કરી રહી છે : નિતિન પટેલ દ્વારા જાહેરાત**

નવી દિલ્હી

ભારત સરકારે ગુજરાતના સરદાર સરોવર નર્મદા પ્રોજેક્ટ માટે ૧૧૩૧ કરોડની વધારાની ગ્રાન્ટને આજે લીલીઝંડી આપી હતી. ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલે કહ્યું છે કે, એઆઈબીપી અને સીએડીડબ્લયુએમ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકારે ગુજરાત સરકારને ૯૭૦ કરોડની ગ્રાન્ટ આપી છે. આ વર્ષે ૧૬મી માર્ચના દિવસે કેન્દ્ર સરકારે નર્મદા પ્રોજેક્ટ માટે વધારાની ૧૧૩૧ કરોડના ગ્રાન્ટ ફાળવી દીધી છે. નિતિન પટેલે કહ્યું છે કે, નર્મદા પ્રોજેક્ટ ૨૦૧૯માં પૂર્ણ કરવામાં આવશે. તેમણે કહ્યું છે કે, કેન્દ્ર સરકાર તમામ રીતે નર્મદા પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે ગુજરાતને મદદ કરવા માટે કટિબદ્ધ છે. હાલમાં જ નર્મદા વિભાગ ઉપર માંગણી અંગે વાત કરતા નિતિન પટેલે ગૃહમાં ખાતરી આપી હતી કે રાજ્ય સરકાર ૨૦૧૯ સુધી નર્મદા કેનાલના બાક રહી ગયેલા કામોને પરિપૂર્ણ કરી દેવામાં આવશે. કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલા પ્રશ્નના જવાબમાં નિતિન પટેલે આ મુજબની વાત કરી હતી. નર્મદા વિભાગ ઉપર ચર્ચા દરમિયાન કોંગ્રેસના ધારાસભ્યએ માહિતી મેળવવાના પ્રયાસ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ચૂંટણી પહેલા ભાજપ સરકારે ખેડુતોને ઘણા બધા વચનો આપ્યા હતા. ચૂંટણી પૂર્ણ થઈ ગયા બાદ ખેડુતોને પાણી પર મળી રહ્યું નથી. ગુ-જરાતમા ૬૦ વર્ષમાં પ્રથમ વખત આ બાબત બની રહી છે. નર્મદા પાણી સાથે બંધને ભરવા ૬૬૭૧ કરોડની જંગી રકમ હોવા છતાં ભાજપ સરકાર પાણીનો બગાડ કરી રહી છે. સાબરમતી રિવરફ્રન્ટથી સીપ્લેન ઉડાવવાના પ્રયાસ થઈ રહ્યા છે પરંતુ પાણીનો યોગ્ય ઉપયોગ કરવામાં આવી રહ્યો નથી.

**Public Notice**

District Banaskantha, Sub District & City Deesa, R.C.S.No.41+42/3p2, sheet No.8, C.S.No.4807/A paiki plot No.28 Paiki sothrn side admeasuring 81.666 sq.mtrs. i.e 878.733 sq.fts. that Municipal house No.1589,, is fully owner and possession holder Mali Shankarji Jivaji, he purchased said Property from Chaudhari Shardaben Dhanjibhai, She Purchased said property from Brahmxatriya Rekhaben Jigneshkumar, by Regi.Sale deed. No.315 dtd.20-01-2006, Said sale deed No. 315 and R.R.are missing and / or loss in her home.

She demand Title clearance Certificate from me, I issue Public Notice, It is inform to all like persons, Bank, Govt., Semi Govt., institute or any persons has any share, interest, lien, mortgage on this property or any body has any objection or dispute regarding the said Property. It is here by inform to below mention address and mail within 7 days of this notice. If not received any objection, if any person, or institute, Bank, Company, No body has any rights, share, interest on this property, and believing the same. Title Clear certificate issue and then after No an objection shall be considered.

At. palanpur,
Date : 17-03-2018

(Manharkumar S. Gurjar)
Advocate

Office :- 8th, 1st Floor, Gitanjalee Complex, Opp. District Panchayat, At. Palanpur, Banaskantha (N.G.) (m) 94263 65238, mail id - manhargurjar10@gmail.com

# બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણી માટે ૧૪ સભ્યોની પાણી સમિતિની રચના કરાઈ

**જિલ્લામાં પીવાના પાણીની મુશ્કેલી નિવારવા રૂ.૫૭૬ લાખનો કન્ટીજન્સી પ્લાન તૈયાર કરાયો : પીવાના પાણી માટે જિલ્લા કક્ષાએ કંટ્રોલ રૂમ કાર્યરત જેનો ફોન નં ૦૨૭૪૨-૨૫૭૧૬૧ છે**

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં પીવાના પાણીની નર્મદા યોજના કેનાલ આધારિત પાણીની મર્યાદિત ઉપલબ્ધિના કારણે આગામી ઉનાળા દરમ્યાન પીવાના પાણીની સંભવિત ઘટ નિવારવાના આગોતરા આયોજન તૈયાર કરવા અને સ્થાનિક સ્તરે ઉનાળા દરમિયાન પીવાના પાણીની તંગી નિવારવા માટે આગોતરૂ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. પીવાના પાણી અંગે સંવેદનશીલ વહીવટી ત્વરીતતા બતાવી બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી દિલીપ રાણા દ્વારા તેમના અધ્યક્ષતામાં જિલ્લાસ્તરે પાણી સમિતિની રચના કરાઈ છે.

જિલ્લામાં ઉનાળા દરમિયાન પીવાના પાણીની મુશ્કેલીઓ નિવારવા માટે સમિતિની દર અઠવાડિયે સમીક્ષા બેઠક યોજાય છે. ઉનાળાના સમયગાળા દરમ્યાન આ પાણી સમિતિમાં ૧૪ જેટલા ઉચ્ચ અધિકારીશ્રીઓનો સમાવેશ કરાયો છે. જેમાં (૧) જિલ્લા કલેક્ટરશ્રી, (૨) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, (૩) જિલ્લા પોલીસવડાશ્રી (૪) અધિક કલેકટરશ્રી/ પ્રાંત અધિકારીશ્રી, પાલનપુર (૫) પાલિકાના ચીફ ઓફિસર પાલનપુર/થરા/ થરાદ/ડીસા/ ભાભર/ ધાનેરા (૬) જિલ્લા વન અધિકારી (૭) કાર્યપાલક ઈજનેર,પાણી પુરવઠા, પાલનપુર (૮) વાસ્મો પાણી પુરવઠા, (૯) કાર્યપાલક ઈજનેર (યાંત્રિક),પાલનપુર (૧૦) (૯) કાર્યપાલક ઈજનેર (સિંચાઈ),પાલનપુર (૧૧) કાર્યપાલક ઈજનેર (સરદાર સરોવર), (૧૨) કાર્યપાલક ઈજનેર (વિદ્યુત) (૧૩) કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા, ડીસા (૧૪) કાર્યપાલક ઈજનેર પાણી પુરવઠા, રાધનપુરનો સમાવેશ થાય છે.

આ પાણી સમિતિ દ્વારા ઉનાળામાં પીવાના પાણી માટેના વિવિધ કામોની મંજુરી આપવામાં આવશે. આમ વહીવટી તંત્ર દ્વારા આગોતરુ આયોજન કરવામાં આવ્યું છે. જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા વાવ તથા સૂઈગામ તાલુકાના છેવાડાના માનવી તથા અબોલ પશુઓને પીવાના પાણીની તકલીફ ન પડે તે માટે આ બન્ને તાલુકાના મુશ્કેલીવાળા ૧૫ જેટલા ગામો માં સઘન દૈનિક મોનીટરીંગ માટે ટીમો બનાવેલ છે. જિલ્લા કક્ષાએ પણ પીવાના પાણીનો કંટ્રોલ રૂમ (ફોન નં ૦૨૭૪૨-૨૫૭૧૬૧) થી કાર્યરત કરાવેલ છે.

જિલ્લામાં રાજ્ય સરકારશ્રીની સુચના મુજબ પીવાના પાણીની મુશકેલી નિવારવા આગોતરા આયોજન રૂપે રૂ. ૫૭૬ લાખનો કન્ટીજન્સી પ્લાન પણ તૈયાર કરવામાં આવેલ છે.

# બી.આર.સી.ભવન દીઓદર ખાતે સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો



અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

સર્વ શિક્ષા અભિયાન બનાસકાંઠા દ્વારા આઈ.ઈ.ડી. યુનિટ અંતર્ગત શ્રવણ ક્ષતિ, દ્રષ્ટિક્ષતિ તેમજ અસ્થિવિષયક ખામી ધરાવતા ત્રણ તાલુકા (દિયોદર, ભાભર, કાંકરેજ)ના બાળકોને સાધન સહાય વિતરણ કેમ્પ બી.આર.સી.ભવન, દિયોદર ખાતે તા.૧૭-૩-૨૦૧૮ના રોજ રાખવામાં આવ્યો હતો. જેમાં બાળકોને બ્રેઈલ કીટ, એમ. આર.કીટ, વ્હીલચેર, ટ્રાયસીકલ, ઘોડી, જયપુર ફુટનું ફ્રી માં વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા આઈ.ઈ. ડી. કોર્ડિનેટર હરેશભાઈ પરીખ, એલીમકો સંસ્થાના ડો.વિકાસિંગ, મયુર યાદવ, બી.આર.પી. અશોકભાઈ પટેલ, બી.આર.સી. સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# આનંદ સત્સંગ પરિવાર દ્વારા ડીસા ખાતે દિવ્ય સત્સંગ યોજાશે

ડીસા

છેલ્લા બે વર્ષથી ડીસા નગરના દિવ્ય આંગણે પૂજ્ય આનંદમૂર્તિજી મહારાજનો દિવ્ય સત્સંગ નિયમિતપણે થાય તે માટે આનંદ સત્સંગ પરિવાર ડીસા દ્વારા નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરવામાં આવે છે. દર બે મહિને યોજાતા આ સત્સંગમાં અનેક ભાઈઓ- બહેનો ઉપસ્થિત રહીને સત્સંગનો પૂરેપૂરો લાભ લે છે. આગામી તા: ૩૧/૩/૨૦૧૮ શનિવાર હનુમાન જયંતિના દિવસે તેમજ તા: ૧/૪/૨૦૧૮ રવિવારે પુજ્ય ગુરુજીના દિવ્ય સત્સંગનું આયોજન જલારામ મંદિર સેવા સદન ડીસા ખાતે કરવામાં આવેલ છે. આ દિવ્ય સત્સંગના સૌજન્ય દાતા તરીકે મનુભાઈ હરગોવનદાસ જોષી પરિવાર ડીસાવાળાએ લાભ લીધેલ છે.

પ્રથમ દિવસે શનિવારે સત્સંગનો સમય સાજે ૬:૩૦ થી રાતના ૯:૩૦ સુધી રહેશે. જ્યારે રવિવારે સત્સંગનો સમય સવારે ૯:૩૦ થી બપોરના ૧૨:૩૦ સુધીનો રહેશે. આ દિવ્ય સત્સંગનો લાભ વધારે ને વધારે લોકો લઈ શકે તે માટે ફોનથી, મોબાઈલથી કે રૂબરૂ મળીને સૌને જાણ કરવા આયોજકો દ્વારા વિનંતી કરવામાં આવેલ છે. આ અગાઉના સત્સંગ કાર્યક્રમોમાં મહેન્દ્રભાઈ પટેલ, ભગવાનભાઈ બંધુ, શાંતિભાઈ વકીલ, જયંતિભાઈ ઓઢાવાળા, પ્રહલાદભાઈ સોની, છગનલાલ સોની, દેવચંદભાઈ ચોક્સી, દયારામભાઈ આર.ઠક્કર, વાડીભાઈ એમ.ઠક્કર(બહુચર ડ્રેસવાળા), દિલીપભાઈ સોની, નાથાભાઈ ખત્રી, હાપુજી ગેલોત,

અનુસંધાન પાના નં.૬

# પાલનપુર અને અમીરગઢ તાલુકાના દિવ્યાંગ બાળકોને સાધન સહાય વિતરણ કેમ્પ યોજાયો

પાલનપુર

સર્વ શિક્ષા અભિયાન બનાસકાંઠા દ્વારા આયોજિત આઈઈડી યુનિટ અંતર્ગત શ્રવણક્ષતિ, અસ્થિવિષ્યક તેમજ દ્રષ્ટિવિષ્યક ખામી ધરાવતા દિવ્યાંગ બાળકોનો પાલનપુર અને અમીરગઢ અમે બે તાલુકાનો સાધન સહાય વિતરણ કેમ્પ તા.૧૫/૩/૨૦૧૮ ના રોજ બી.આર.સી.ભવન જગાણા ખાતે યોજાયો હતો. જેમાં કુલ ૩૨૦ જેટલાં બાળકોને સાધન સહાય આપવામાં આવી હતી. આ કેમ્પમાં આવેલ બાળકોને ચા-નાસ્તો, તેમજ ભોજન અને ભાડું આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે બી.આર.સી.કૉર્ડિનેટર આનંદભાઈ મોદી, જિલ્લા આઈ.ઇ.ડી.કૉર્ડિનેટર હરેશભાઇ પરીખ, અમદાવાદ જિલ્લાના આઇ.ઈ.ડી. કો.ઓ.રાજેન્દ્રસિંહ ચૌહાણ, બી.આર.પી./ આર.ટી સ્પે.ડૉ. કિરણ પવાર, ડૉ. મહીન યાદવ, ડૉ. વિકાસસિંગ તેમજ સી.આર.સી.કૉર્ડિનેટર અને બ્લોક સ્ટાફ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો હતો.

# અ.ભા.શ્રી રાજેન્દ્ર જૈન નવયુવક પરિષદ, ડીસા શાખાની નવિન કારોબારીની રચના





ડીસા

ગુજરાત, મધ્યપ્રદેશ, રાજેસ્થાન, મહારાષ્ટ્ર, આંધપ્રદેશ, તામીલનાડુમાં ટોટલ ૨૦૦થી વધુ સંસ્થા ધરાવતી અ.ભા.શ્રી રાજેન્દ્ર જૈન નવયુવક પરિષદ, ડીસાશાખા ૨૧માં વર્ષમાં મંગલ પ્રવેશ કરેલ છે ત્યારે ડીસા ત્રિસ્તુતીક જૈન સંઘના નવા વરાયેલા ટસ્ટ્રીઓ તથા પરિષદના રાષ્ટ્રીય સહમંત્રી ચેતનભાઈ એસ.વેદલીયાની હાજરીમાં સંવત.૨૦૭૪ ફાગણ વદ.૯ રવિવાર તા.૧૧/૩/૧૮ નારોજ મહાવિદેહ ધામ ખાતે એક જનરલ મીટીંગનું આયોજન કરેલ હતું તેમાં નવી કારોબારીની રચના કરવામાં આવેલ હતી અને ભુ.પુ.પ્રમુખ જગદીશભાઈ એમ.દોશી તરફથી અલ્પાહાર તથા સાંજનું ભોજન રાખેલ હતું.

નવિન કારોબારીમાં પ્રમુખ શૈલેષભાઈ બી.વોહેરા, ઉપપ્રમુખ હસમુખભાઈ ડી. કોરડીયા, મંત્રી નીતીનભાઈ બી. દોશી, સહમંત્રી કુમારપાળ બી. મોરખીયા, ખજાનચી હસમુખભાઈ કે. કોરડીયા, સહ ખજાનચી વિનોદભાઈ જે.દોશી તથા કારોબારી સભ્યઓ હિતેશભાઈ કે.વેદલીયા, અંકીત આર.દોશી, જયેશભાઈ એસ.વેદલીયા, વિપુલભાઈ કે.મોરખીયા, વિનોદભાઈ વી.કોરડીયા, પ્રફુલભાઈ એલ.મોરખીયા, નીતીનભાઈ પી.વોરા, હિતેશભાઈ એસ. મોરખીયા, શ્રેણીકભાઈ જે.મોરખીયા, ભુપેન્દ્ર એમ.દોશી, દર્શનભાઈ એ.શેઠ, અશોકભાઈ ડી. મોરખીયાની વરણી કરાઈ હતી.

**ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ**

રવાનાઃ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબસ્ટેશન કંપાઉન્ડ,
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા.

આથી જાહેર જનતાન જણાવવામાં આવે છે કે ૨૨૦ કે.વી.થાવર સબસ્ટેશનથી ૬૬ કે.વી. ડુવા સબસ્ટેશનમાં જતી ૬૬ કે.વી. થાવર- ડુવા એકવડી લાઈનમાંથી લીલો કરી ૬૬ કે.વી. બેવડી લીલો ધાખા લાઈનમાંથી તા. ૨૧/૦૩/૨૦૧૮ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિદ્યુત લાઈન મોજે ગામ ધાખા, થાવર, ધાનેરા, રમુણા ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તાઃ ધાનેરા, જિ.બનાસકાંઠા, તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિદ્યુત લાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા, કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિનઅધિકૃત વ્યક્તિએ અડકવું નહીં આમ કરવું ખૂબ જ જોખમી છે, તેમાં જિંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યક્તિ- પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા. ૧૭/૦૩/૨૦૧૮

(એન.બી.પઢિયાર)
કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા.

**ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ**

રવાનાઃ કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી,
જેટકો, બાંધકામ વિભાગીય કચેરી,
૧૩૨ કે.વી. સબસ્ટેશન કંપાઉન્ડ,
રેલ્વે સ્ટેશન રોડ, ડીસા.

આથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે ૪૦૦/૨૨૦/૬૬ કે.વી. કંસારી સબસ્ટેશન થી ૧૩૨ કે.વી. ડીસા સબસ્ટેશનમાં જતી ૬૬ કે.વી. કંસારી- ડીસા એકવડી લાઈન નં.૧ માંથી લીલો કરી ૬૬ કે.વી. બેવડી લીલો માલગઢ લાઈનમાંથી તા. ૨૦/૩/૨૦૧૮ થી અથવા ત્યારબાદથી કોઈપણ સમયે વીજપ્રવાહ પસાર કરવામાં આવનાર છે. સદર વિદ્યુત લાઈન મોજે ગામ માલગઢ, કુંપટ ગામનો સિમતળ તથા આજુબાજુનો વિસ્તાર તા. ડીસા, જિ.બનાસકાંઠા. તેમજ આજુબાજુ વિસ્તારોમાંથી પસાર થાય છે. સદર વિદ્યુત લાઈન અતિભારે વીજ દબાણવાળી હોવાથી જાહેર જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે સદર લાઈનમાં તાર, થાંભલા, તાંણીયા, કે ટાવર સદર લાઈનના કોઈપણ ભાગને બિનઅધિકૃત વ્યક્તિએ અડકવું નહીં. આમ કરવું ખૂબ જ જોખમી છે. તેમાં જિંદગીનું જોખમ રહેલું છે. આ ચેતવણીની અવગણના કરવાથી, વીજપ્રવાહથી કે અન્ય રીતે કોઈપણ વ્યક્તિ- પ્રાણીનું મૃત્યુ થાય અથવા કોઈપણ જાતનું નુકશાન થાય તો તે માટે ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લીમીટેડ જવાબદાર રહેશે નહિં. જેની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી છે.

તા.૧૭/૦૩/૨૦૧૮

(એન.બી.પઢિયાર)
કાર્યપાલક ઈજનેરશ્રી (બાંધકામ)
જેટકો, ડીસા.

# રસ માધુરી

★ રાજકારણ ★ જીંદગીનું ચિંતન ★ વાર્તા વિનોદ
★ વ્યંગ કથા ★ ફિલ્મસીટી અને તમામ પ્રકારની વાનગીઓ...

## કેપ્સુલ

પપ્પા : પપલુ મારાથી તું તારો પરીક્ષાનો રીપોર્ટ કેમ છુપાવતો ફરે છે ? શું બધા વિષયમાં નાપાસ થયો છે ?

પપલુ : પપ્પા તમે જ તો કહ્યું હતું કે બે રોટલી પચાવે છે તો બે વાતો પચાવવાનું પણ શીખ.

૦૦૦

નંબરવાળા ચશ્મા ઉતારવાનો ઘરેલુ ઉપાય સો ટકા સકસેસની ગેરંટી સાથે..

વર્ષોથી આ પ્રયોગ કરીને ઘણા લોકોએ નંબરવાળા ચશ્મા ઉતાર્યા છે. સહુથી પહેલાં ડાબા હાથથી ચશ્માની ડાબી દાંડી પકડો અને જમણા હાથથી જમણી દાંડી.. હવે ધીમેથી ચશ્મા આગળની તરફ ખેંચો.. ચશ્મા ઉતરી જશે.. હવે થેંન્કયુ ના કહેતા..

૦૦૦

એક બકરીએ સિંહને કુસ્તી માટે લલકાર્યો પણ સીંહે ના પાડી દીધી.

ત્યારે બકરીએ કહ્યું, કેમ ડરી ગયો ?

હા, ડરી ગયો.. સિંહે કહ્યું કારણ કે તને તો સિંહ સાથે લડવાની વાહ વાહ મળી જશે પણ મને તો લોકો એવું જ કહેશે કે સિંહ થઈને બકરી સાથે કુસ્તી લડવા હાલ્યો તો..

૦૦૦૦

સુમસામ રસ્તા પર એક લુંટારાએ મફતલાલને ઘેરી લીધો અને બોલ્યો, તારી પાસે જે કંઈ હોય એ મારા હવાલે કરી દે નહીંતર...

નહીંતર શું...

યાર જે આપવું હોય એ આપી દેને.. બોણીનો ટાઈમ છે.. મુડ ખરાબ ન કર..

૦૦૦



# જોડકાં બાળકોની રાજધાની 'મોહમ્મદપુર ઉમરી'

**અજબ ગજબની દુનિયા** — કમલેશ કંસારા

અલ્હાબાદ રેલ્વે સ્ટેશનથી લગભગ ૬ કી.મી.ના અંતરે એરબેઈસ અર્થાત કેન્દ્રીય વિદ્યાલયની નજીક એક નાનું ગામ છે. મોહમ્મદપુર ઉમરી એને વિશ્વની 'જોડકાં બાળકોની રાજધાની' કહેવામાં આવે છે. આ ગામમાં જોડકાં બાળકોનો જન્મદર એટલો બધો છે કે એને આ ખિતાબ સ્વયં જ પ્રાપ્ત થયેલો છે. મોહમ્મદપુર ઉમરી મુસ્લિમ બાહુલ્ય ગામ છે. અહીંયા લગભગ ૩૦૦ જેટલાં પરિવાર રહે છે. અહીંયા ૫૪ જોડકાં બાળકો અર્થાત ૧૦૮ બાળકો જોડીયા છે.

અહીંયા રહેતા વૃદ્ધ લોકોનું અનુમાન છે કે છેલ્લાં ૬૦ વરસથી અહીંયા જોડકા બાળકોનો જન્મ થઈ રહ્યો છે. સૌથી પ્રથમ ઉદાહરણ ભારત-પાકિસ્તાનના વિભાજન સમયનું છે. બે બહેનોએ પ્રથમ વાર જોડકા બાળકોના રૂપમાં જન્મ લીધો હતો. હવે સ્થિતિ એવી છે કે દર પાંચમા ઘરમાં એક જોડકા બાળકનું ઉદાહરણ મળી આવે છે.

અહીંયા જોડકાં બાળકોનો જન્મ વધુ કેમ થઈ રહ્યો છે એનું સાચું કારણ ડોકટરો અને વૈજ્ઞાનિક પણ લગાવી શકયા નથી. હૈદ્રાબાદથી એક ટીમ આ વિશે સંશોધન કરવા આવી હતી તે પણ કોઈ યોગ્ય કારણ શોધી શકી નહોતી. આજના યુગમાં પ્રજનન ક્ષમતા વધારવાને માટે અનેક દવાઓ ઉપલબ્ધ છે પરંતુ મોહમ્મદપુર ઉમરી ગામમાં વધુ પડતા ગરીબ અને પછાત લોકોની વસ્તી આવેલી છે. અહીંની ભૂમિ ખેતીલાયક છે. સાથોસાથ લોકો અભણ પણ છે. એટલે એવી કોઈ સંભાવના નથી કે એ લોકો કોઈ દવાનો ઉપયોગ કરતા હોય એ વાતની સંભાવના નહીંવત છે કે કોઈ દવાના કારણે આ ઘટના બની રહી છે. વૈજ્ઞાનિકોએ પોતાના સંશોધનમાં અહીંયા રહેતા લોકોનું લોહી લાળના સેમ્પલ પણ લીધા હતા. તદઉપરાંત આ ગામની માટી, પાણી હવા વગેરેના સેમ્પલ પણ લીધા હતા.

આ ગામમાં જોડકા બાળકોનો જન્મદરની સંખ્યા વિશ્વમાં અધિક છે. એટલે એને જોડકાં બાળકોની રાજધાની કહેવામાં આવે છે. આ ગામમાં પ્રતિ ૧૦ સ્ત્રીઓની પ્રસવોમાંથી એક સ્ત્રીને જોડકા બાળકો જન્મે છે. જ્યારે રાષ્ટ્રીય સ્તર પર ૩૦૦૦ પ્રસવોમાંથી એકને જોડકા બાળકો જન્મે છે. આઈવીએફ વગેરે ટેકનીકો દ્વારા અમેરીકામાં પ્રતી હજારે ૩૦ સ્ત્રીઓ બે કરતાં વધુ સંતાનોને જન્મ આપે છે.

મોહમ્મદપુર ઉમરીમાં માત્ર સ્ત્રીઓને જ જોડકાં બાળકો જન્મે છે એવું નથી પણ આ ગામમાં રહેતા પ્રાણીઓ, પક્ષીઓમાં પણ જોડકાં બચ્ચાંઓ પેદા થાય છે. અહીંયાના લોકો દર્શાવે છે કે ભેંસ-ગાય જેવા પાળતુ પ્રાણીઓમાં પણ જોડીયા બચ્ચાંઓનો જન્મ થઈ રહ્યો છે.

દક્ષિણ ભારતમાં કેરળમાં મલપ્પુરમ જિલ્લામાં એક ગામ છે: કોહિન્હી..અહીંયા પણ સ્ત્રીઓ જોડકાં બાળકોને જન્મ આપે છે. અહીંયા લગભગ ૨૫૦ બાળકોન જોડકાં હોવાનું ઉદાહરણ છે.અર્થાત લગભગ ૫૦૦ બાળકો જોડીયા છે. લગભગ ૨૦૦૦ પરિવારો આ ગામમાં રહેતા તેની વસ્તી લગભગ ૧૪૦૦૦ ની આસપાસ છે. અહીંયા પણ મુસ્લિમ પ્રજાની સંખ્યા અધિક છે પરંતુ મોહમ્મદપુર ઉમરીની સરખામણીમાં આ ગામ સમૃધ્ધ અને સાક્ષર ગામ છે. અહીંયા જોડકા લોકોનું એક સંગઠન બન્યું છે. મોહમ્મદપુર ઉમરીની જેમ જ અહીંયા આ વૈજ્ઞાનિકોએ ઘણું સંશોધન કર્યું હતું પણ કોઈ જ રહસ્ય જાણવામાં સફળતા મેળવી નહોતી. અહીંયા દુર દુરના ગામમાંથી કન્યા વીવાહ કરીને આ ગામમાં આવી ગઈ છે. એટલે કોઈ આનુવંશિકીનું કારણ નથી.લોકોનું અનુમાન છે કે અહીંયાના પાણીમાં એવું કોઈ તત્વ છે કે જે જોડકાં બાળકોના જન્મને માટે ઉત્તરદાયી છે.

**કમલેશ કંસારા**

## હંસયોગ




ધન આપનાર યોગો, માન મરતબો અપાવનારા યોગો, ધનધાન્ય આપનારા યોગો, ભૌતિક સુખ આપનારા યોગો, આમ યોગો અનેક પ્રકારના જયોતીષ શાસ્ત્રમાં વર્ણવવામાં આવેલ છે. એકે જ નામના બે કે અનેક યોગો અનેક ભીને રીતે શાસ્ત્રોમાં મળે છે. તેમાંનો હંસયોગ પણ છે. જે માન, મરતબો, ધન, વૈભવ, જાગીરી અપાવનાર બનતો હોય છે.

એક હંસયોગ પંચ મહાપુરૂષમાંનો છે. જે ગુરૂજી બનેછે. ગુરૂ કેન્દ્રમાં ઉંચનો કે સ્વગ્રહી હોય તો આ યોગ બને છે તેમજ બીજો હંસયોગ મેષ, તુલા, વૃશ્ચિક, ધન, મકર અને કુંભ રાશીમાં બધાં જ ગ્રહો રહેલ હોય તો હંસયોગ બને છે. જે ધન, ધાન્ય ભકિત, માન મરતબો વગેરે આપનાર છે.

દ્રષ્ટાંતકુંડળી: અત્રે આપેલ દ્રષ્ટાંતકુંડળીમાં બીજા ભાવમાં મેષમાં સૂર્ય, તુલામાં ચંદ્ર, વૃશ્ચિક માં મંગળ, ધનમાં શની, મકરમાં શુક્ર, કુંભમાં બુધ અને ગુરૂ રહ્યા છે. રાહુ અને કેતુની આમાં ગણતરી થતી નથી.

આવા જાતકો બુધ્ધિશાળી, માયાળુ, ધનીક, જાગીરદાર ભગવાનમાં માનવાવાળા, મેધાવી, શાસ્ત્રજ્ઞાતા, ન્યાયપ્રિય હોય છે.તેઓ સમાજ સુધારક પણ હોય છે.

**-જયોતિષી બંસીલાલ હીરાલાલ લોધા**
**(મો.૯૩૭૭૪૪૦૯૦૭, રેલ્વે સ્ટેશન રોડ, ડીસા)**

# ચાલતું નથી ચાલશે નહીં

**કંઈક નરમ કંઈક ગરમ** — રેણુ વિષ્ણુકુમાર બારોટ

લોકોને સવારના પહોરમાં જાણે કે સવારથી જ ચાલતું નથી. સવારના પહોરમાં જેવા ઉઠયા કે બસ ચાલુ.. કેટલીક વાર તો એ કામનું હોય કે ના હોય બસ એનો ગૃહઉદ્યોગ મંડાઈ જાય છે. આ મામલે ઘણી વાર ગૃહના મોરચે કે શેરી મોરચે માથાકુટનો આરંભ થઈ જાય છે..આજકાલ તો ઘેર ઘેર શૌચાલયો બની ગયા છે, ફળ સ્વરૂપ અતિ આનંદથી કંઈક નિરાંતથી અંદર બેસી શકાય છે, જો બરાબર શૌચ આવી જાય તો ઠીક છે.. નહીં તો વચ્ચે અટકયું કે બહાર આવતાં એ લટકયું તો સમજશે.. માનજો.. ખલ્લાસ કોઈક અવનવા કામને કે કાંઈક કામ વગરના વિચાર પર ચડી જવાના.. તમે માનો કે ન માનો પણ વિચારો કરવાનું આદર્શ સ્થળ હોય તો એ શૌચાલય.. એક તરફ પેટ સાફ થવા માંડશે ને બીજી તરફ વિચારોની એન્ટ્રી થવા માંડશે.. આ બાબત સાચી છે કે ખોટી એની આ અવળા હાથના લેખકને જાણ નથી પણ હિંદી ફિલ્મોની એક સમયે જોરદાર, હીટ વાર્તાઓ લખનાર લેખક જોડી મોંઘી હોટલ, એસી રૂમમાં જઈને લખતા હતા. અફસોસ મને ખબર નથી કે ગુજરાતી પાઘડીવાળી વાર્તાઓ કયાં લખાઈ છે.. ગામના તળાવ કીનારે કે ભજીયાં ખાતાં ખાતાં લારી પર..

અરે મેં એક લેખક જોઈ લીધા છે જે પોતાની જાતને મહાન હાસ્યલેખક સમજતા માનતા હતા. તેઓ કોઈક કેન્ટીનમાં લખવા જતા.. એય પાછો કોઈકનો ચા નાસ્તો મફત કરતા કરતા લખતા હતા..

એટલે કે ચાલતું નથી એમાં કેન્ટીનમાં જઈ કોઈકનો મફત ચા નાસ્તો કર્યા વગર ચાલતું નથી ત્યારે મને થયું છે અવારનવાર થાય છે, ઘરને ખુણે અને ઘરની ચા પીતાં પીતાં.. લખતાં લખતાં શું ચુંક આવે છે ? શું લોકોને દેખાડો કરવાનો છે કે મારા જેવો કોઈ રાઈટર નથી અને મને એકાદ અઠવાડીયામાં નોબેલ મળવાનો છે.. પણ નોબેલ મેળવવો.. મળવો માઈલો દુરની વાત છે.. એવાઓને મફતની ચા નાસ્તો કર્યા વિના ચાલતું નથી. મફતનું પેટમાં જાય પછી એનું વલોણું થાય પછી વિચારો જાગે.. મારે મન તો મફતનું ખાનારા અને લેનારાનું સત્યાનાશ વળજો.. જોકે એવા હાસ્યના કે અન્ય વિષયો પર લખતા લેખકો વાતો તો એવી ઉંચી આદર્શની કરશે... કહેશે કે...

પણ ચાલતું નથી.. એટલે નથી...

એક જણાને બસ આખો દીવસ મોબાઈલમાં જોઈ રહેવાની આદત હતી.. એ સીડી ચડતો હોય ત્યારે મોબાઈલમાં જોઈ રહેતો અને ઉતરતો હોય ત્યારે પણ જોઈ રહેતો. અરે વચ્ચેના કોઈ પગથિયે ય એ ઉભો ઉભો જોઈ રહેતો.. જાણે મોબાઈલમાં એના ડોહા વસિયતનામાનો મેસેજ મોકલ્યો હોય કે પ્રેમીકાની વાત હોય... એક દિવસ ભારે થઈ.. સીધો સરકયો અને બાળકોની લપસણીની જેમ થયું... સીધો જ નીચે આવી ગયો.. મોબાઈલ ઉપર વહી ગયો ને એ નીચે આવી ગયો..અવાજ થયો હોઈ લોકો એકઠા થઈ ગયા. બેઠો માર વાગ્યો હોય.. કયાંક બેહોશ જેવો બની ગયો અંતે દવાખાને લઈ ગયા, પાટાપીંડી થઈ.. એ જેવો ભાનમાં આવ્યો કે તરત જ બોલી.. પુછી બેઠો મારો મોબાઈલ કયાં ? ત્યારે પડખે ઉભેલી સ્ત્રી કદાચ એની પત્ની હશે એણે ગુસ્સામાં કહી દીધું.

ચુલામાં ગયો તમારો મોબાઈલ.. એમ તો કંઈ ચાલે ? એ તો મારો પ્રાણપ્રિય છે..

કરો વિચાર હવે.. ખાટલામાં પડવાથી કે પડયા પછી ય ઘણાને મોબાઈલ વગર ચાલતું નથી. અરે એક પતીએ તો જાણે કે હદ જ કરી હતી. રાત્રે પલંગમાં એક તરફ પત્ની સુઈ ગઈ હોય અને એની અર્થાત પતિની છાતી કે પેટ પર મોબાઈલ મુકયો હોય.. ને ઉંઘ આવે.. જોકે આ મામલે પત્નીએ એકવાર ડોકટરને ફરિયાદ કરેલી ત્યારે ડોકટરે જણાવેલું મારો આ અંગેનો અનુભવ કંઈક ઓર જ છે.. જોકે એને અનુભવ ન કહેવાય.. ચાલતું નથી એમ કહેવાયું એટલે કે મોબાઈલને બરાબર માથા પર રાખ્યો હોત તો ઉંઘ આવે જાણે ચાલતું જ નથી.

લો બોલો, ડોકટર સાહેબને પણ મોબાઈલ ઉપર ચાલતું નથી.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# સાહસનું બેનમૂન ઉદાહરણ કૃતિકા કંવર

**એનું નામ છે જીવન** — નટવર હેડાઉ

રાજસ્થાનનું ઉદયપુર શહેર સરોવરની નગરી તરીકે જાણીતું છે. તેના શાનદાર રાજમહેલ, જગદીશ મંદિર અને પન્ના ધાઈના ત્યાગની અનોખી વાતો પોતાનામાં સંગોપીને બેઠેલું ઉદયપુર કલા અને સંસ્કૃતિનું પણ કેન્દ્ર છે. અહીંનું વિખ્યાત લોકકલામંડળ અને મહારાણા પ્રતાપની શૌર્યગાથા સાથે જોડાયેલું હલ્દીઘાટીનું મેદાન અને ચિત્તોડગઢનો કિલ્લો તેમ જ બીજા અનેક જોવાલાયક સ્થળો પ્રવાસીઓના મન મોહી લે છે.

ઘણાં વર્ષો પહેલા અમદાવાદ બાયપાસ રોડ પર તીતરડી ગામની જમીન નગરપાલિકાએ હસ્તગત કરી અને એક કોલોની વિકસાવી. મોકાની જમીન જોઈને અનેક લોકોએ ત્યાં પ્લોટ લઈ લીધેલા. હજુ અહીં વધુ મકાનો બન્યા ન હતા. કૃતિકા નવમાં ધોરણમાં ભણે છે તેના પપ્પા બિઝનેસમેન છે. અનબ્રેકેબલ પ્લાસ્ટિકની પારસ કંપનીની એજન્સી તેમની પાસે છે. ઉપરવાળાની મહેરબાનીથી તેમનું કામ સારું ચાલતું હતું. તેમણે પણ આ જમીન પર પ્લોટ લઈને ત્રણ મજલાનું મકાન બનાવી દીધું. છેલ્લા ચાર વર્ષથી એ અહીં રહેતા હતા. હજુ તેમની આજુબાજુ અને આગળ પાછળ કોઈ મકાન બન્યાં ન હતા. કૃતિકાની સ્કૂલ તેના ઘરથી ત્રણ કિ.મી. દૂર સેંટ ટેરેસા સેકન્ડરી સ્કૂલ છે. ઘરમાં કૃતિકા તેની મમ્મી સાધના કંવર અને પપ્પા ત્રણ જણ રહે છે. નીચે ભોંયરામા ક્યારેક કામ કરવાવાળા છોકરાઓ રોકાય છે.

ઉતરતા શિયાળાની એ ઠંડી રાત હતી. તારીખ ૭ ફેબ્રુઆરી, ૨૦૦૮,હજુ ચાર દિવસ પહેલાં જ તેમણે તેમના અહીં ગૃહપ્રવેશની તિથિ ઉજવી હતી. ઘરનાં સૌ ખુશ હતાં. રાતના લગભગ બે-ત્રણ વાગ્યાનો સમય હતો અચાનક વીજળી જતી રહી. રસ્તા પર અંધકાર છવાઈ ગયો. કૂતરા પણ ઠંડીમાં ક્યાંક લપાઈ ગયાં હતાં. ક્યારેક ક્યારેક અવાજો રાતના સન્નાટાને તોડતા હતા.

અચાનક ચાર પડછાયા પોતાની જાતને છુપાવતા કૃતિકાના ઘર તરફ આગળ વધ્યા. મકાનની બહારની ગ્રીલથી કૂદીને અવાજ ન થાય એમ અંદર દાખલ થવા લાગ્યા. તેમની ચાલ ઉપરથી લાગતું હતું કે એ લોકો મકાનના ભૂગોળથી સારી રીતે પરિચિત છે. તેમના હાથોમાં લોખંડના સળિયા, લાકડીઓ, પથરા, ડીસમીસ અને ગિલોલ જેવાં હથિયારો હતાં.ચારે બાજુથી પોતાની જાતને છુપાવતા એમણે સૌથી પહેલાં નીચે આવેલાં ભોયરાનું નિરીક્ષણ કર્યું. બારીની તિરાડોમાંથી ઝાંકીને જોયું તો અંદર બે-ત્રણ છોકરા બેશુદ્ધની જેમ સૂતા પડ્યા હતા.. આંખથી સામસામે ઈશારા થયા અને તેમાંથી એક જણે આગળ વધીને બેઝમેન્ટ (ભોંયરા) ના બારણાની સ્ટોપર બહારથી બંધ કરી દીધી. હવે એ લોકો આ ત્રણેની બાબતે નિશ્ચિત થઈ ગયા.

દબાયેલ પગલે પગથિયાં ચડી ઉપર આવ્યા. ત્યાં સન્નાટો છવાયેલ હતો. તેમાંથી એક જણે આગળ વધી ત્યાં પાથરેલી ચાદર ઉપાડી બીજાએ ત્યાંથી સીડી પ્લેયર ચાદરમાં વીંટયું. બાકીનાએ ઓશીકાંના કવર લઈ પોતાના મોઢાં ઢાંક્યાં એક જણે બાજુમાં રસોડામાં ઘૂસી જઈ ત્યાં રહેલ ચાકુ ઉઠાવી લીધું. બીજાએ પૂજાઘરમાં ઘૂસીને પૂજાના પૈસાને પોતાના ફેંટામાં બાંધી લીધા અને આગળ વધી ભગવાનની સુંદશ્ર મૂર્તિને પણ ઉઠાવી લીધી.

હવે તે આગળ વધ્યા અને જ્યાં કૃતિકાના મમ્મી પપ્પા સૂતાં હતાં તે ઓરડામાં આવ્યા. બીજા ઓરડામાં કૃતિકા સૂતી હતી. તેમને એમ લાગ્યું કે બે મોટાંઓ કરતા એક નાની બાળકીને કાબૂમાં કરવાનું સહેલું પડશે. એમ વિચારીને મમ્મી -પપ્પાના ઓરડાની સાંકળ (સ્ટોપર) તેમણે બહારથી બંધ કરી દીધી. હવે એ લોકો કૃતિકાના ઓરડા તરફ આગળ વધ્યા. તે બધા હવે બિલકુલ નિશ્ચિત હતા. કદાચ એ લોકોને ખબર હતી કે આ લોકો સિવાય ઘરમાં બીજું કોઈ છે નહીં.

જેનો તેમને ખતરો હોય રાતનો સન્નાટો, વીજળી ગુલ, ઘરની આસપાસ બીજું કોઈ મકાન નહીં. ઘરના બધા સભ્યો સ્ટોપર લગાવેલ બારણા-ઓમાં બંધ. તે ચાર હૃષ્ટ - પુષ્ટ અને એક નાની બાળકી. હવે તેમને કોઈનો કંઈ ભય ન હતો. આ રીતે બેફિકર બની તે આગળ વધતા હતાં ત્યાંજ બેદરકારીમાં કોઈ એકનો પગ ત્યાં પડેલ ટેબલ સાથે મટકાયો. અવાજ થતાં કૃતિકા જાગી ગઈ. તેને થયું કે સવાર થઈ ગઈ છે. તેથી મા જગાડવા આવી છે. 'સૂવા દે ને મમ્મી આટલી વહેલી શું કામ જગાડે છે.' એમ કહેવા તેણે જ્યાં ચાદરમાંથી માથું બહાર કાઢયું તો એ સુન્ન રહી ગઈ. મોં પર કપડાં વીંટેલ ચાર ઓળાઓ તેની પથારીની ચારે બાજુ ઉભા હતા. એક પળ માટે તો એ સમજી શકી નહીં કે આ સપનું છે કે હકી-કત. પરંતુ તેમનામાંથી એક જણે કડક ભાષામાં પથારીમાંથી ઉભા થવાનું કહ્યું. એટલે તેને સમજાઈ ગયું કે મામલો ગંભીર છે. એ ચારે જણા બહારના લોકો છે અને આ સપનું નહી પણ સચ્ચાઈ છે. તેને મનમાં થયું કે જોરથી બૂમ પાડી પપ્પાને બોલાવું. તેની ઈચ્છાને જાણી જતાં એક બદમાશે તેના ગળા પર ચાકુ રાખી દીધું અને કડકાઈથી બોલ્યો,'છોકરી ખબરદાર સહેજ પણ ચૂં કં ચાં કરીશ તો જાનથી મારી નાંખીશ જલદી બતાવ દાગીના ક્યાં છે ?'

કૃતિકાએ ખૂબ જ માસૂમિયતથી ડરતાં ડરતાં જવાબ દીધો.'મારી પાસે કંઈ નથી, ત્યારે બીજા બદમાશે કૃતિકાને ધમકાવીને પૂછ્યું 'તિજોરીની ચાવી ક્યાં છે ? બોલ જલદી?''

'તિજોરી તો ખુલ્લી જ છે' કૃતિકાના મોંમાથી નીકળી ગયું. એ દોડીને તિજોરીની પાસે ગયા. તિજોરીનું બારણું ખોલ્યું તેમાં રહેલ રોકડ અને દાગીના સમેટી લીધા.હવે તે કૃતિકાને પકડીને ઓરડાની બહાર આવ્યા. તે વારંવાર પૂછતા હતા કે બીજી કીંમતી ચીજો ક્યાં છે.?

કૃતિકા કહેતી હતી કે 'મને કંઈ ખબર નથી.'

ત્યારે એક બદમાશ બોલ્યો, 'છોડો એ એમ નહી બતાવે હમણાં બે થપ્પડ પડશે એટલે પોપટની જેમ બોલવા લાગશે' આમ કહેતાં પોતાના હાથમાં રહેલી લાકડી ફટકારી દીધી. બચવાનો પ્રયત્ન કરવા છતાં કૃતિકાના માથામાં તે 'ફટ' દઈને વાગી જેથી કૃતિકા ચક્કર ખાઈને નીચે પડી. તેને તમ્મર આવી ગયા. અને એમ લાગ્યું કે માથામાંથી લોહી વહેવા લાગ્યું છે. તેણે પોતાના માથે હાથ ફેરવ્યો તો હાથ ભીનો થયો. આ જોઈને ડરવાની જગ્યાએ એ રડયા વગર તેને ખૂબ જ ગુસ્સો આવ્યો. તેણે શું થશે તેનો વિચાર કર્યા વિના લાકડી મારનાર બદમાશને જોરદાર ધક્કો માર્યો અને જોરથી ચીસ પાડી પપ્પા...!

બદમાશ લથડિયાં ખાતો દૂર જઈ પડયો. કૃતિકાનો અવાજ સાંભળી પપ્પાની ઊંઘ ઊડી ગઈ. તે બોલ્યા 'હા બેટા આવું છું. તેમણે જોયું તો આખી પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. દોડીને બારણું ખોલવાની કોશિશ કરી ત્યારે ખબર પડી કે બારણું બહારથી બંધ છે. તેમણે બૂમ પાડી કૃતિ... જલદી બારણું ખોલ.

કૃતિકા ઊભી થઈ બારણું ખોલવા આગળ વધી તો એક બદમાશે પાછળથી લાકડી ફટકારી દીધી. લાકડી ફરી કૃતિકાના માથામાં વાગતાં તે સહેજ લથડી પણ તેણે હિંમત કરીને બારણાંની સ્ટોપર ખોલી નાંખી. હવે પપ્પા બહાર આવી ગયા અને બદમાશોની સાથે લડવા લાગ્યાં મમ્મી સાધના કંવર પણ ત્યાં સુધીમાં જાગી ગઈ હતી. તે પણ દોડીને આવી ગઈ. પપ્પા બદમાશોની પાછળ પડ્યા તો કૃતિકા એ એક બદમાશને પાછળથી પકડી પાડયો તેણે લાકડીથી મારવાની કોશિશ કરી તો લાકડીનો વાર કૃતિકાની મમ્મીએ તેના હાથ પર લઈ લીધો. તે લથડીને નીચે પડી ગઈ તે દરમિયાન બદમાશે કૃતિકા પર બીજો વાર કરતાં તેને પાડી દીધી.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# ભારત સાથે અમેરીકા અને વિયેતનામ વચ્ચે પરમાણુ સહિત અનેક સમજુતી પર સહીસિક્કા

**દ્રષ્ટીકોણ** — ચંદ્રશેખર ત્રિવેદી

ભારત અને અમેરીકા વચ્ચે વર્ષોથી વ્યાપારી સ્તરે સારા સંબંધો રહ્યા છે. બંને દેશો વચ્ચે અત્યાર સુધીમાં વ્યાપારી ક્ષેત્રે અનેક કરારો થયા છે ત્યારે અમેરીકાને પાકિસ્તાન સાથે કોઈ વ્યાપારી સંબંધો નથી. અમેરીકા ખાસ કરીને અફઘાનિસ્તાનને વધુમાં વધુ મદદ કરતું આવ્યું છે. વર્ષો અગાઉ તાલીબાન શાસનને નષ્ટ કર્યા બાદ ત્યાંના વિકાસ માટે અમેરીકા અને ભારત તરફથી અબજો રૂપિયાની લહાણી કરવામાં આવેલ અને હજી પણ અફઘાનિસ્તાનમાં નવા માર્ગોને સુવિધાપૂર્ણ બનાવવામાં ભારત મદદ કરી રહ્યું છે.

વર્તમાન સંજોગોમાં અમેરીકન કોંગ્રેસે ભારત સાથેના એક મહત્વપૂર્ણ કરારને મંજુરી આપી દીધી છે. અમેરી-કાએ ભારતને ડીફેન્સ પાર્ટનર બનાવવા માટે ૬૧૮ અબજ ડોલરના બજેટને મંજુરીની મહોર મારી દીધી છે. અમેરીકાના પ્રમુખના હસ્તાક્ષર સાથે ભારત અમેરીકાનું અગત્યનું ડીફેન્સ પાર્ટનર બની ગયું છે.

અમેરીકાના નેશનલ ડીફેન્સ ઓથોરાઈઝેશન એકટ અંતર્ગત ૨૦૦૭ ના ભારતના સંદર્ભમાં એક મોટું બીલને પસાર કરવામાં આવ્યું છે. અમેરીકાની સેનેટે ૬૧૮ અબજનું માતબર બજેટ ભારતને ફાળવેલ છે. આ એક ભારત અમેરીકા વચ્ચેની મહત્વની સિદ્ધિ કહી શકાય. આ બીલમાં પૂર્વ પ્રમુખ બરાક ઓબામાના હસ્તાક્ષર થનાર છે. કેમ કે તેમની ઉપસ્થિતિમાં આ નક્કી થયું હતું.જેથી હવે ભારત અમેરીકાનું ડીફેન્સ પાર્ટનર બની જશે તે વાત ચોક્કસ છે. આ મુદો અગાઉની પરીષદમાં ચર્ચાયો હતો.

આ સંદર્ભે અમેરીકા ભારતને ઘણી બધી લાઈનોમાં મદદરૂપ બનશે ભારતને અમેરીકી સેનેટમાં પુરતા મતો મળ્યા હોવાથી હવે આ બિલ કોઈ અટકાવી શકશે નહીં. આમાં રાષ્ટ્રીય વ્યાપારની નીતિ રહેલી છે. આ સમજુતી વર્ષો અગાઉ થઈ હતી.

જ્યારે બીજી તરફ ભારત અને પૂર્વ એશિયાના મહત્વપૂર્ણ દેશ વિયેતનામ વચ્ચે પરમાણુ સમજુતી સહિત કુલ ચાર કરારો કરવામાં આવ્યા છે. આ બાબતે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આ કરારનખે કારણે બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબુત બનશે. જ્યારે અન્ય કરારોમાં હવાઈ લીંક વધારવા, ઉર્જાક્ષેત્રે કાર્યક્ષમતા વધારવા તેમજ લશ્કરી સહકાર વધારવાના કરારનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે એક વિયેતનામની રાષ્ટ્રીય એસેમ્બલીના પ્રમુખ નગયુમેન થિકીય હાલમાં ભારતના સત્તાવાર પ્રયાસો આવેલ છે. તેવો રાજધાની ખાતે ઉર્જા ક્ષેત્રને વધુ ઉત્કૃષ્ટ બનાવવા માટે ચર્ચા વિચારણા કરે તેવી સંભાવના જણાય છે.

દરમ્યાન ભારત અને અમેરીકા વચ્ચે લશ્કરી આદાન પ્રદાન થનાર છે. લશ્કરી ટેકનોલોજીમાં અને હથિયારોની બાબતમાં પણ ભારતની ભાગીદારી વધશે. આગામી જાન્યુ.થી ત્રણ વર્ષ માટે કેટલાક કરાર કરવામાં આવ્યા છે.અમેરીકા ભારતને ડીફેન્સ ઉપરાંત ટેકનોલોજી અને સુરક્ષાને લગતી વિવિધ બાબતોમાં મહત્વપુર્ણ ભાગીદાર ગણીને મદદ કરશે.

લશ્કરી બાબતની ટેકનોલોજી અંગે ભારતન અમેરીકા વચ્ચે અગાઉ પણ મંત્રણા થઈ હતી અને હવે ફરીથી નવેસરથી મંત્રણા થવાની સંભાવના જણાય છે.

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**લશ્કરી સહકાર વધારવા ભારત અમેરીકા વચ્ચે કરાર થશે**

# આંતરરાષ્ટ્રીય મહિલા દિન અને સ્ત્રી સશકિતકરણ

**દેખ કબીરા** — હંસામૃત વાલમીયા

'નારી તું નારાયણી'.. આવા શબ્દો આજે ય કાનને અથડાય છે તો બીજી તરફ નારી નરકની ખાણ અને નારી એ તો તાડન કે અધિકારી આવી વાતો નારીની ગરીમાને ખંડીત કરવા પુરતા છે છતાં હમણાં હમણાં તેના સશક્તિકરણની પોકળ પરાણે ઉડતી વાતો થાય છે અને નારી ઉપર દુષ્કર્મ થયા કરે છે. નારી ઉપર વીતેલા અત્યાચારોના કેસનો ગ્રાફ દર વરસે ઉંચો જાય છે ત્યારે દેખ કબીરા.. કયાં છે અભમયમ્ ? કયાં છે નારીની સુરક્ષા અને સશક્ત નારી કયારેય બિચારી, બાપડી કે લાચાર ન હોઈ શકે...? દેખ કબીરા..

દેશની આઝાદી પહેલાં નારીની સ્થિતિ કંઈક જુદા કલેવરમાં હતી. આજે જુદી સ્થિતિ વિસ્થાપીત થઈ છે પણ નારી ઠેરના ઠેર છે. મેઈલ ડોમીનેટેડ સોસાયટીમાં નારીનું સ્વાતંત્ર્ય છીનવાઈ ગયું છે.નારીનું સ્થાન સદીઓ પહેલાં રસોડે અને ખુણે બેસીને સંતાઈને આવા માટે હતું એ આજેય છે. ગણતરીની મહાન નારીઓના અથાગ પ્રયત્નના અંતે હવે કંઈક પરીવર્તનના નવા સુરજ ઉગતા દેખાય છે. દેખ કબીરા.. નારી ઉપર થતાં દુષ્કર્મોમાં કાયદો કાયદાની ફાઈલમાં પુરાઈને રહેલો જણાશે.. દેખ કબીરા..

દેશના ઈતિહાસમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ, અહલ્યા બાઈ, હોલકર, વિદુષી ગાર્ગી તેમજ મધર ટેરેસા અને ઈંદીરાજી જેવી અનેક નારીઓ નારીના અવાજ માટે દિલધડક કાર્યો કર્યા છે. આઝાદી પછી મેડમ, કામા, ઈલાબેન ભટ્ટ, ઈલાબેન પાઠક, અમૃતા પટેલ, હંસાબેન મહેતા, શબાના આઝમી, દીવાળીબેન ભીલ, ગંગાસતી, પાનબાઈ, એડવોકેટ માસીક તેમજ ચારુમતીબેન યોદ્ધા જેવી અનેક નારીઓએ સ્ત્રીશક્તિના મસીહા જેવા કુંદનિકા કાપડીયા, વર્ષા અડાલજા, ડૉ.સરૂપ ધ્રુવ, પ્રીતીસેન ગુપ્તા તેમજ મીશેલ ઓબામા જેવી મહાન નારીઓએ નારીને, નારી સમાજને અડીખમ બનાવવા પોતાના વિચારો ગુંજતા કર્યા છે.. દેખ કબીરા..

મહિલા સશક્તિકરણ માટે સખ્ત અને સજ્જડ કાયદા જરૂરી નથી પણ તેનું સજ્જડ અમલીકરણ જરૂરી છે. મહિલા ઉપર દુષ્કર્મ કરનારને જાહેરમાં જો ફાંસી અપાય તો જરૂર આપણે મહિલા સશક્તિકરણની મશાલથી વિશ્વવ્યાપી અજવાળાં કરવા સક્ષમ થઈશું. સ્ત્રી પોતે કયારેક સ્ત્રીની દુશ્મન થઈ એ જ સ્ત્રીઓનું શારીરિક, માનસિક, આર્થિક શોષણ કરાવતી જોવા મળશે એવા સંજોગોમાં શું સ્ત્રી સશક્તિકરણ સફળ બનશે ?

આપણા વિવિધ તહેવારોની ઉજવણીમાં પણ અનેક જગ્યાએ તહેવારના નામે સ્ત્રીઓ સાથે દુષ્કર્મ થયા કરે છે. દુષ્કર્ના પ્રસંગોના આંખે દેખ્યા અહેવાલ જેવા વિડીયો વાયરલ થાય છે. પ્રજા નિહાળે છે છતાં પોલીસ ઠંડા કલેજે બેસીને તપાસ કરાવીશું આવા શબ્દો બોલીને જાણે સ્ત્રી સશક્તિકરણના કાયદાની મજાક ઉડાવતી લાગે છે.. દેખ કબીરા..

નોકરીના કાર્ય સ્થળે થતી મહિલાઓની જાતીય સતામણીએ પણ માજા મુકી છે છતાં પરિણામલક્ષી કોઈ પગલાં ભરવામાં આપણે કયાં સુધી વિલંબ કરીશું ? નોકરીના કાર્યસ્થળ ઉપરના મુખ્ય અધિકારીઓ અને જેને પ્રાઈવેટ ઓફિસના બોસ સ્ત્રીઓ સાથે રંગરેલીયા મનાવવાની માંગણી કરે છે ત્યારે આર્થિક ભીંસમાં જીવતી સ્ત્રીઓનું આવા વરૂઓ મારફત જાતીય શોષણ થાય છે.હમણાં એક અખબારમાં એક વિધર્મીએ આવું જાહેર કર્યું જે બે પત્ની રાખશે તેને ઈનામમાં સરકાર મફત મકાન આપશે. આ શું બતાવે છે ? આંતરરાષ્ટ્રીય મહિલા દિનનું માન કે અપમાન ?

અનેક સરકારી તેમજ ખાનગી કંપનીની જાહેરાતોમાં સ્ત્રીઓ વધુમાં વધુ જાહેરાતો કરતી જોવા મળે છે અને એ પણ નારીના

ગૌરવનો ખાત્મો બોલાવે તેવી જાહેરાતો પાછળ જે કરોડો રૂપિયાનો ખર્ચ થાય છે એ શું નારીનું ગૌરવ ગણવું કે નારીના સામર્થ્યનો અંત ગણવો ?..દેખ કબીરા..

**ડૉ. બી.પાટણવાડીયા**
**(અમદાવાદ)**
**મો.૯૬૦૧૮૯૭૦૪૧**

**પાલનપુરમાં...**

**પાના નં.૧ ચાલુ**

**જતાં ન્યાયાધીશ જે. ડી. સુથારે સરકારી વકીલ આર. પી. વૈષ્ણવની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી શંકર લાબાનાયા શેઠીને ધ એન. ડી. પી. એસ. એકટની કલમ ૮ (સી), ૨૦ (બી), (૨) (સી) મુજબ આ ગુનામાં તકસીરવાન ઠેરવી દસ વર્ષની સખત કેદની સજા અને રૂપિયા દસ હજારનો દંડ જો દંડ ન ભરે તો ભારતીય દંડ સંહિતાની કલમ ૬૫ મુજબ વધુ એક વર્ષની સખ્ત કેદની સજા કરવાનો હૂકમ કર્યો હતો.**

**રાધનપુરમાં ..**

**પાના નં.૧ ચાલુ**

ઘેર પ્રત્યાઘાત પાડવા પામ્યા હતા, અને વેપારીઓએ પોલીસ સ્ટેશન જઈને ચોરીઓ અટકાવવા રજુઆત કરી હતી.

શહેર ભાજપ મહામંત્રી કમલેશભાઈ તન્ના તેમની દીકરી પાટણ ભણતી હોઈ અપડાઉન કરે છે, તેમને સવારે ચોરી થયાનો ફોન આવતા દુકાને દોડી આવ્યા હતા અને જોતા રૂ. ૫૮, ૭૯૫ ના વિવિધ બ્રાન્ડના ઘીના ડબ્બા, રૂ.૪૦,૧૮૪ ની અલગ-અલગ બ્રાન્ડની ચોકલેટો,રૂ.૩ હજારની કિંમતના વિવિધ શેમ્પુ,રૂ.૧૭,૫૦૦ ના ચલણી સિક્કા અને રૂ.૪ હજારની ચલણી નોટો મળીને કુલ રૂ.૧,૦૮,૦૪૪ની ચોરી તસ્કરો કરી ગયા હતા,જયારે બાજુમાં આવેલી પ્લાસ્ટિક સેલની સ્ટારબજાર દુકાનમાં પણ ઉપરથી જ તસ્કરોએ જાળી તોડીને દુકાનમાં ઘૂસીને રૂ.૧૫ હજારની કિંમતનું લેપટોપ, રૂ.૧૦ હજારની કિંમતનું ૨૨ ઈંચનું એલ.ઈ.ડી. ટી.વી., રૂ.૮ હજારની કિંમતનું સી.સી.ટી.વી.કેમેરાનું ડ્ઢૈ.વી.ડી.રેકોર્ડર, રૂ.૫૦૦ ની લેપટોપ બેગ, રૂ.૫ હજાર રોકડા મળીને કુલ રૂ.૩૮, ૫૦૦ ની ચોરી કરી ગયા હતા.દુકાનના માલિક ભાવેશભાઈ હરિભાઈ સથવારા તેમજ કમલેશભાઈ તન્નાએ પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી,જેના પગલે પોલીસે તપાસ હાથ ધરી હતી.

**ડીસાથી..**

**પાના નં.૧ ચાલુ**

'ગામના પેસેન્જર ઉતારી તમને હાઈવે પર ઉતારી જઈશ.' ત્યારબાદ રિક્ષા માલગઢના માર્ગ પર આગળ વધતા અંદર બેઠેલા શખ્સો એ નારણભાઈ પાસે બળજબરીથી મોબાઈલ ઝુંટવી ગળાના અને મોઢાના ભાગે મૂઢ મારવાના શરુ કરતા તેઓએ પોતાની પાસેના રૂ.૧૩૦૦૦ આપીને પોતાને છોડવાની વાત કરી હતી. જોકે તેમ છતાં મારવાનું ચાલુ રાખી છરી બતાવી જાનથી માંરીનાખવાની ધમકી આપતા નારણભાઈએ માલગઢ ભૈરવ ટેકરી એક પાર્લર ખુલ્લું જોઈ હીમત કરી ચાલુ રિક્ષામાં થી કૂદી પડ્યા હતા. જેથી આજુબાજુથી લોકોએ ભેગા થઈ તેમને સારવાર અર્થે ડીસા સિવિલમાં પહોંચાડી તેમના પરિવારજનોને જાણ કરી હતી.

આ અંગેની જાણ થતા ડીસા તાલુકા પીઆઈ.એ.ટી. પંચોલી તેમજ ડીસાના વિભાગીય પોલીસ અધિક્ષક એચ.કે.વાઘેલા સહિત પોલીસ સ્ટાફ દોડી આવ્યો હતો અને નારણભાઈની ફરિયાદના આધારે લૂંટારૂઓને પકડવાની તજવીજ હાથ ધરી હતી.

**પુસ્તકમાં રજુ...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

તેમણે કહ્યું કે, આનંદી પટેલ કરેલા મહિલાઓ માટેના નિર્ણયો તથા યોજનાઓથી કરોડો ગરીબ અને વંચિત લોકોને લાભ થયો છે. પરિવારના પાલન-પોષણ સાથે રાજકીય કાર્યકર્તા તરીકે સફર શરૂ કરી, નિષ્ઠા અને રાષ્ટ્રભક્તિના સથવારે રાજ્યપાલના પદ સુધી પહોંચ્યા છે તે નવી પેઢી માટે માર્ગદર્શકરૂપ બની રહેશે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કોઈપણ માર્ગમાં અનેક વિટંબણાઓ અને પડકારો આવતા હોય છે છતાં આનંદી પટેલ આ બધાને વળોટી નવી પેઢી માટે એક આદર્શની સ્થાપના કરી છે તેવું તેમનું વ્યક્તિત્વ છે જે પુસ્તકમાં આબેહુબ ઝીલાયું છે. મુખ્યમંત્રીએ કહ્યું કે, આનંદી પટેલ કોઈપણ સમયે નીડરતાથી કાર્ય કર્યું છે અને તેમની આવી અડગતાને કારણે લોકોને તેઓમાં પૂરો વિશ્વાસ આવતો હતો જે તેમની સફળતાની નિશાની છે. ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અમીતભાઈ શાહે જણાવ્યું કે, આનંદી પટેલ કટુ આલોચકોએ પણ સ્વીકારવું પડે તેવું કાર્ય સ્વ-પ્રસિદ્ધિથી દુર રહીને કર્યું છે. શિક્ષક, વિદ્યાર્થી કે સમાજ સુધારકના ત્રણેય તબક્કાઓમાં તેમણે સમાજની રૂઢીઓ અને સામાજિક બદીઓ સામે અવાજ ઉઠાવી નિડરતાથી કાર્ય કર્યું છે.

**નર્મદા કેનાલથી...**

**અનુસંધાન ૨ નુ ચાલુ..**

તેમની પાસે સ્થાનિક સ્તરે જો પાણીની પૂરતી અને યોગ્ય વ્યવસ્થા ના હોય તો આ વર્ષે ઉનાળુ પાક ના લેવાની અપીલ કરી છે. સિંચાઇનું પાણી બંધ કરવા પાછળ નિગમના સત્તાવાળાઓએ પાણી નહી આપવા પાછળ એવો બચાવ રજૂ કર્યો હતો કે, ગત ચોમાસામાં નર્મદા ડેમના કેચમેન્ટ વિસ્તારમાં ઓછા વરસાદને પગલે હાલ ડેમમાં પાણીનું સ્તર ઘટી ગયું છે અને તેથી પાણીના જથ્થામાં ભારે ઘટાડો નોંધાયો છે. હાલ નર્મદા ડેમમાં માત્ર ૪૫ ટકા જ પાણી બચ્યું છે. નર્મદા ડેમમાંથી માત્ર પીવાનું ચાર હજાર કયુસેક જેટલું પાણી પૂરૂ પાડી શકાય તેવી સ્થિતિ સર્જાઇ છે. રાજયમાં ખેડૂતોને નર્મદામાંથી સિંચાઇનું પાણી મળવાનું નહી હોવાથી પાણીની કેનાલ અને અન્ય સ્ત્રોતમાંથી પાણીની ચોરી ના થાય તે માટે સરકારના સત્તાવાળાઓએ પોલીસ પહેરો-જાપ્તો તૈનાત કર્યો છે તેમાં ખાસ કરીને અમદાવાદ જિલ્લાના સાણંદ, બાવળા, ધોળકા સહિતના પંથકોમાં પાણીની ચોરી ના થાય તે માટે સરકાર દ્વારા પાણી પર પહેરો એટલે કે, પોલીસનો જાપ્તો બેસાડવામાં આવ્યો છે.

બીજીબાજુ, આજે છોટા ઉદેપુર ખાતે ખેડૂતોએ ખૂબ મોટી સંખ્યામાં એકત્ર થઇ સરકાર વિરોધી દેખાવો અને સૂત્રોચ્ચાર કર્યા હતા. ખેડૂતોએ પોતાની વેદના ઠાલવી હતી કે, તેઓએ દેવું લઇ મકાઇ, ડાંગર અને કપાસની ખેતી કરી હતી અને હવે પાક તૈયાર થવાના આરે છે ત્યારે સરકારે નર્મદાનું પાણી આપવાનું બંધ કરી દેવાની જાહેરાત કરતાં તેમનો મરો થયો છે. તૈયાર થયેલો પાક પાણીના અભાવે સૂકાઇ જાય તેવી સ્થિતિ સર્જાઇ છે અને ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન વેઠવાનો વારો આવશે. ખેડૂતોએ સરકાર સામે ઉગ્ર વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

**ધાનેરા સરકારી...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

ત્યારે રાજસ્થાન બોર્ડર ઉપર આવેલ ધાનેરા તાલુકાનેસા માટે અન્યાય કરવામાં આવે છે. ધાનેરા પણ ગુજરાત રાજયનો તાલુકો છે તો આ તાલુકામાં પણ સરકારે આરોગ્ય બાબટે પુરતુ ધ્યાન આપવુ જોઇએ. અને હોસ્પીટલમાં ખુટતી સુવિધાઓ તાત્કાલીક ધોરણે પુરી કરવી જોઇએ.

**વહેલી સવારે...**

**અનુસંધાન ૩ નુ ચાલુ..**

જેથી અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પણ તેનું વિશેષ આયોજન કરવામાં આવી રહ્યું છે.

રવિવારથી શરૂ થનાર ચૈત્રી નવરાત્રીને લઈ સમગ્ર જિલ્લામાં શ્રધ્ધા ભક્તિની છોળો ઉડશે. જેને લઈ ગ્રામ્ય સહિત શહેરી વિસ્તારોમાં ધાર્મિક શ્રધ્ધાળુઓ દ્વારા શક્તિની સ્થાપન ઘટ સ્થાપન તેમજ જવારા વાવી નવરાત્રીના નવ દિવસ સુધી નકરોડા તથા એકટાણું ઉપવાસ કરી માતાજીની ભક્તિ આરાધના, આરતી, અર્ચના કરી આસ્થાભેર નવરાત્રી પર્વની ઉજવણી કરશે. ગાયત્રી પરિવાર દ્વારા પણ નવરાત્રીના નવ દિવસ સુધી સાધકો દ્વારા વિશેષ અનુષ્ઠાન કરવામાં આવે છે અને છેલ્લે સામુહિક ગાયત્રી મહાયજ્ઞમાં આહુતિ અર્પણ કરી નવરાત્રી પર્વની પૂર્ણાહુતિ કરવામાં આવે છે. ચૈત્રી નવરાત્રીના આઠમની તિથિએ અનેક સમાજના લોકો માતાજીની પલ્લી પણ ભરતા હોય છે. આમ ચૈત્ર નવરાત્રીને લઈ સમગ્ર જિલ્લામાં ધાર્મિક માહોલ રચાશે.

**આનંદ સત્સંગ...**

**અનુસંધાન 3 નુ ચાલુ..**

રમેશભાઈ એમ.કોટક સહિત સૌનું સૌજન્ય મળી ચુકેલ છે. આનંદ સત્સંગ પરિવાર દ્વારા ''જયોત સે જયોત જગાવો'' ત્રિમાસિક પત્રિકા પણ બહાર પડે છે જેનું સંપાદન જાણીતા સાહિત્યકાર કનુભાઈ આચાર્ય દ્વારા થાય છે અને સમગ્ર સંપાદન કમીટી સહયોગ આપે છે. કાર્યક્રમની પૂર્ણ સફળતા માટે આનંદ સત્સંગ પરિવાર ડીસાના સૌ સભ્યો ખૂબ જ નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરી રહેલ છે. આ સત્સંગમાં રાધનપુર, થરા, પાટણ, પાલનપુર, મોટા, ચંડીસર, ધાનેરા વગેરે સ્થળોએથી પણ ધર્મપ્રેમી અને સત્સંગ પ્રેમી ભાઈ-બહેનો ખાસ પધારે છે.

**હિંમતનગરમા...**

**પાના નં.૮ ચાલુ**

૧૪ માર્ચે તેના ગામમાં પહોચી જઈ પ્રહલાદ દેવચંદ્ર તિવારી નામના શખ્સને ઝડપી પાડી મોબાઈલ રીકવર કરી હિંમતનગર લાવી બાકીના મુદ્દામાલને રીકવર કરવા કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી

**બાઇકચાલકને...**

**પાના નં.૮ ચાલુ**

પણ ઈજાઓ થવા પામી હતી. જ્યારે થરાદ ડીસા રોડ પર કરણાસર ગામના પાટીયા પાસે ખેતમજુરનો જગદીશ ભાઇ રમેશભાઇ માજીરાણા નામનો ત્રણ વર્ષનો બાળક રોડ નજીક રમી રહ્યો હતો.જેને બેફામ ગતીએ પસાર થયેલા એક જીપચાલકે અડફેટે લેતાં તેની ડાબા હાથની આંગળી કપાઇ જવા પામી હતી.તથા માથામાં ગંભીર ઈજાઓ થવા પામી હતી. આ બનાવની કોઇએ જાણ કરતાં દોડી આવેલી થરાદ ૧૦૮ની ઈએમટી હિના સિપાઇએ પ્રાથમિક સારવાર બાદ ત્રણેયને વધુ સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.જોકે આ બનાવની પોલીસ દફતરે કોઈ નહી હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્થાનિક બજાર ભાવ

| | |
|---|---|
| **ચોકસી બજાર**(કીલોના) | |
| **ચાંદી ચોરસા** | **૩૯૦૦૦-૩૯૨૦૦** |
| રૂપુ કાચું | ૩૯૦૦૦-૩૯૨૦૦ |
| સોનુ તોલો | ૩૧૨૦૦-૩૧૫૦૦ |
| **તેલ બજાર** | |
| **રાધે પામોલીન** | **૧૧૯૦** |
| પામોલીન | ૧૧૬૦ |
| સોયા રીફાઈન | ૧૪૨૦ |
| રાયડાતેલ ૧૫કી. | ૧૧૨૦-૧૨૮૦ |
| **સીંગતેલ૧૫ કી.** | **૧૫૨૦** |
| સીંગતેલ ૧૫ લી. | ૧૬૯૦ |
| સીગતેલ ૫ લી. | ૪૬૫ |
| તિરૂપતી કપા. | ૧૩૩૦ |
| ૫ લીટર | ૪૩૦ |
| વનસ્પતિ ઘી | ૧૧૭૦ |
| કોપરેલ ૧૫ કિલો | ૩૩૦૦ |
| ૫ કે. કોપરેલ | ૧૨૦૦ |
| પલી. અંકુર સીંગતેલ | ૪૮૫ |
| **૧૫ લીટર સનફ્લાય** | **૧૩૦૦** |
| ટાયગર રાયડા તેલ ૧૫ કી. | ૧૨૬૦ |
| ૫ લી. | ૪૦૦ |
| ૨ લી. | ૧૬૫ |
| **ચોખા-દાળ બજાર** | |
| (૧૦૦ કીલોના ભાવ) | |
| કીચન ચેમ્પીયન કલાસીક | ૮૫૦૦ |
| કીચન ચેમ્પીયન સુપર | ૭૭૦૦ |
| કીચન ચેમ્પીયન તીબાર | ૭૨૦૦ |
| કીચન ચેમ્પીયન દુબાર | ૬૯૦૦ |
| કીચન ચેમ્પીયન રોજાના | ૬૫૦૦ |
| કીચન ચેમ્પીયનમીની દુબાર | ૫૮૦૦ |
| કીચન ચેમ્પીયન મોગર | ૪૮૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૪૪૦૦ |
| કીચન ચેમ્પીયન મીની મોગરા | ૩૯૦૦ |
| કીચન ચેમ્પીયન બ્રોકન | ૩૦૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત ૧૧૨૧ કલાસીક | ૯૫૦૦ |
| દાવત સ્પેસીયલ | ૭૮૦૦ |
| દાવત | ૭૭૦૦ |
| દાવત તીબાર | ૭૭૦૦ |
| દાવત દિલખુશ | ૭૮૦૦ |
| દાવત રોજાના | ૬૮૦૦ |
| દાવત મોગરા | ૪૮૦૦ |
| દાવત મીની મોગરા | ૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૨૫ કી. | ૧૪૦૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧૦ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૫ કી. | ૧૪૨૦૦ |
| ઈ.ગેટ કલાસીક ૧ કી. | ૧૪૪૦૦ |
| ઈ.ગેટ સુપર ૨૫+૫ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૧૦ કી. | ૧૧૨૦૦ |
| ઈ.ગેટ સુપર ૫ કી. | ૧૧૬૦૦ |
| ઈ.ગેટ સુપર ૧ કી. | ૧૦૭૦૦ |
| ઈ.ગેટતીબાર ૨૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ તી બાર ૧૦ કી. | ૮૧૦૦ |
| ઈ.ગેટતીબાર ૫ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટતીબાર ૧ કી. | ૮૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૨૫ કી. | ૭૫૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧૦ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૫ કી. | ૮૦૦૦ |
| ઈ.ગેટ દુબાર ૧ કી. | ૮૦૦૦ |
| દુન પ્રીમીયમ | ૯૦૦૦ |
| દુન તીબાર ૨૫ કી. | ૭૭૦૦ |
| દુન તીબાર ૧૦ કી. | ૭૨૦૦ |
| નર્મદા મગ પોલીસ | ૫૯૫૦ |
| મગદાળ નર્મદા સુપર | ૬૦૦૦ |
| નર્મદા મગ મોગર | ૬૬૦૦ |
| મગમોગરનર્મદાપ્રીમી | ૬૯૦૦ |
| નર્મદા અડદદાળ | ૬૦૦૦ |
| ઈન્ડિયા ગેટ મીની જુના | ૪૫૦૦ |
| ઈન્ડિયા ગેટ મોગરો | ૪૪૦૦ |
| ઈન્ડિયા ગેટ કણકી | ૨૮૦૦ |
| ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા | ૬૮૦૦ |
| તુવરદાળ કૃષ્ણા | ૭૦૦૦ |
| તુવરદાળ રેંટીયો કિ.૫ | ૯૦૦૦ |
| તુવરદાળ ખીડીયાર | ૬૧૦૦ |
| લાલ કીલ્લો મેજીસ્ટીક | ૯૦૦૦ |
| લાલ કીલ્લો પ્રીમીયમ | ૮૦૦૦ |
| લાલ કીલ્લો તીબાર | ૭૦૦૦ |
| લાલ કિલ્લો દુબાર | ૫૫૦૦ |
| લાલ કિલ્લો મોગરો | ૪૫૦૦ |
| હેરીટેઝ એક્ષએક્ષએલ | ૯૦૦૦ |
| હેરીટેજ તીબાર | ૮૦૦૦ |
| હેરીટેજ દુબાર | ૬૨૦૦ |
| હેરીટેજ મીની દુબા | ૫૦૦૦ |
| કાયનાત પોપુલર | ૬૪૦૦ |
| કાયનાત સુપર | ૮૧૦૦ |
| કાયનાત | ૬૮૦૦ |
| કાયનાત પ્રીમીયમ | ૮૮૦૦ |
| રાજા બાસમતી | ૪૦૦૦ |
| કુરૂક્ષેત્ર | ૫૮૦૦ |
| પરી નં.૧ | ૯૨૦૦ |
| પરી નં. ૭ તીબાર | ૮૨૦૦ |
| પરી સુપર દુબાર | ૭૪૦૦ |
| કાયનાત ખેનીટાઈમ | ૭૨૦૦ |
| એપ્પલ પ્રીમીય | ૪૮૦૦ |
| ઓરેન્જ | ૬૦૦૦ |
| દાવત અપ્સરા | ૫૦૦૦ |
| જીરાસર ચંદન | ૩૮૦૦ |
| ચણાદાળ ૪૪૪ | ૭૧૦૦ |
| મગદાળ સમરદીપ | ૭૨૦૦ |
| મગમોગર રીયલ | ૮૦૦૦ |
| અડદદાળ અક્ષર | ૮૩૦૦૦ |
| મગ | ૫૭૦૦ |
| અંગુર તુવેરદાળ | ૭૬૦૦ |
| અંગુરતુવેરદાળઆયાતી | ૬૪૦૦ |
| ગાય છાપ તુવેરદાળ | ૬૦૦૦ |
| કિસાન તુવેરદાળ | ૬૨૦૦ |
| પરખ ગોલ્ડ પ્રીમીયમ | ૬૦૦૦ |
| પરખ સ્પેશીયલ | ૫૨૦૦ |
| લાલપરી તીબાર જુના | ૪૨૦૦ |
| લાલપરી દુબાર જુના | ૩૮૦૦ |
| લાલપરી સ્પેશી.નવા | ૪૪૦૦ |
| લાલપરી દુબાર નવા | ૩૯૦૦ |
| રોયલ ટેસ્ટ બાસમતી | ૪૦૦૦ |
| લાલમંદિર બાસમતી | ૩૬૦૦ |
| **ખાંડ બજાર** | |
| (બોરીના ભાવ) | |
| **ખાંડ એસ.** | **૩૪૦૦-૩૪૫૦** |
| **ખાંડ એમ.** | **૩૫૦૦-૩૬૦૦** |
| ખાંડએલ. | ૩૫૦૦-૩૬૫૦ |
| **ચા-બજાર** | |
| સુરજ છાપ ચા | ૩૦૦ |
| હરણ છાપ ચા | ૨૨૦ |
| **આખા મરચાં-હળદર** | |
| હળદર આખી રાજાપુરી | ૭૦-૧૨૦ |
| હળદર આખી રાજાપુરી ગટ્ટા | ૧૦૦-૧૪૦ |
| હળદર આખી સેલમ | ૯૦ |
| હળદર તળેલી સાંગલી | ૮૦ |
| મરચા વન્ડર હાટ | ૨૦૫૦ |
| મરચા વન્ડર મીડીયમ | ૧૭૦૦ |
| મરચા તેજા | ૧૮૦૦ |
| મરચું ગંતુર મીડીયમ | ૧૯૦૦-૨૦૦૦ |
| મરચા ટોમેટો | ૨૨૦૦ |
| મરચા ટોમેટો મીડીયમ | ૧૯૦૦ |
| કાશ્મીરી | ૯૦ |
| કાશ્મીરી મમરી | ૯૦ |
| સુપર પટની ૧૦૫ | |
| સુપર રજવાડી | ૧૯૦ |
| મરચા ડેડીકટ ૧૨૫ | |
| મરચાં | ૫૮૦૦ |
| **ગોળ બજાર** | |
| વડેચા ગોલ્ડ ૧૦ કે | ૪૪૦૦ |
| વડેચા રજી ૧૦ કે. | ૪૬૦૦ |
| વડેચા ૫ કી. | ૪૮૦૦ |
| વડેચા ૧ કી. | ૫૦૦૦ |
| વડેચા ૨૫૦ ગ્રામ | ૫૦૦૦ |
| સાંગલી ૧૦ કે. | ૪૩૦૦ |
| **ખોળ બજાર** | **૯૫૦-૧૦૦૦** |
| દાણ ૭૦ કી.ગ્રા. | ૯૫૦-૧૦૦૦ |
| મોરબી ખોળ | ૧૦૫૦-૧૧૦૦ |
| જીરાળુ | ૧૬૮૦ |
| ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. | ૯૨૦-૧૫૪૦ |
| મકાઈ ૩૫ કી.ગ્રા. | ૫૩૦ |
| જવ ભરડો ૩૫ કી.ગ્રા. | ૫૭૦ |
| **પરચુરણ** | |
| સોજી | ૭૦૦ |
| મેંદો | ૬૮૦ |
| શ્રીફળ એમ. | ૮૮૦ |
| નિરમા સાબુપરપ | |
| મેદી | ૬૦-૧૦૦ |
| અજમો | ૧૪૦-૧૭૦ |
| સાકરીયા | ૩૮૦૦ |
| ખાંડ બુરૂ | ૪૦૦૦ |
| કોકમ ફુલ | ૧૮૦ |
| એલચી | ૧૧૦૦-૧૪૦૦ |
| મોરૈયો | ૬૫-૮૦ |
| તલ | ૯૦-૧૦૦ |
| ખસ-ખસ | ૩૫૦-૫૮૦ |
| સીંગદાણા | ૬૫-૮૦ |
| **શાકભાજી(૨૦ કિલોના ભાવ)** | |
| દુધી | ૧૨૦-૧૮૦ |
| સુકી ડુંગળી | ૧૮૦- ૨૦૦ |
| લસણ | ૩૦૦-૭૦૦ |
| ધાણા | ૪૦૦-૫૦૦ |
| મરચાં | ૪૦૦-૬૦૦ |
| લીબુ | ૧૧૦૦-૧૨૦૦ |
| અડવી પત્તા | ૨૦૦-૩૦૦ |
| આદુ | ૭૦૦-૭૮૦ |
| રીંગણ | ૨૪૦-૩૦૦ |
| ટામેટા | ૧૦૦-૧૮૦ |
| ભીંડા | ૭૦૦-૮૦૦ |
| કોબી | ૧૨૦-૧૪૦ |
| વટાણા | ૪૦૦-૫૦૦ |
| ટીંડસા | ૫૦૦-૬૦૦ |
| ગવાર | ૮૦૦-૧૦૦૦ |
| બાદશાહ બટાકા | ૧૪૦-૨૦૦ |
| સાંગા બટાકા | ૧૨૦- ૧૮૦ |
| તુવેર | ૬૦૦-૮૦૦ |

**પાલનપુરમાં ...**

**પાના નં.૮ ચાલુ**

ઘુસી આવ્યા હતા અને તેમને ધક્કો મારી પાડી દઈ માર માર્યો હતો અને ઘરમાં તોડફોડ કરી તિજોરીમાંથી રૂા. ૪૦,૦૦૦ લઈ દરવાજો બહારથી બંધ કરી જતા રહ્યા હતા. જે કેસ ચીફ કોર્ટમાં ચાર્જસીટ થતા મદદનીશ સરકારી વકીલ કલ્પેશકુમાર રાવલની દલીલોને ધ્યાને લઈ ચીફ કોર્ટના જજ આરતીબેન દેસાઈએ બંનેને ઈ.પી.કો. ક. ૩૯૪, ૧૧૪ મુજબના ગુનામાં કસુરવાર ઠેરવી પાંચ વર્ષની સાદી કેદ અને રૂા. ૫૦૦૦ નો દંડ ફટકાર્યો હતો.

**ડીસામાં રસ્તો ...**

**પાના નં.૮ ચાલુ**

નથી તેમ જણાવ્યું હતુ. જેથી તેણે મીડિયા સમક્ષ આવી પોતાનો અને પોતાના વિસ્તારના લોકોનો બળાપો રજૂ કર્યો હતો. તેના જણાવ્યા મુજબ પ્રમુખ અને કોર્પો-રેટર ગોળગોળ જવાબ આપી રહ્યા છે.જો અમારા વિસ્તારનો રસ્તો ઝડપથી નહી બને તો અમે સમગ્ર વિસ્તારના લોકો નગરપાલિકા આગળ ધરણાં પર બેસી જઈશું. તેમ છતાં જો અમારી માંગણી સંભળાય તો હું જાતે આત્મવિલોપન કરીશ. જેની તમામ જવાબદારી નગરપાલિકાના સત્તાધીશોની રહેશે.

# હવે કરીનાની ફિલ્મ વીરે ધ વેડિંગ જુનમાં રજૂ થશે

કરીના કપુર ફરી એકવાર સંપૂર્ણપણે સક્રિય થઇ ગઇ છે. તેની પહેલી જુનના દિવસે વીરે ધ વેડિંગ રજૂ કરવામાં આવનાર છે. જેમાં સોનમ કપુર અને સ્વરા ભાસ્કર પણ રજૂ થનાર છે. કરીના બીજી ઈનિગ્સમાં પણ વધુને વધુ ફિલ્મો કરવા માટે તે તૈયાર થઇ ગઇ છે.તે હાલમાં વીરે દી વિડિંગમાં કામ કરી રહી છે. આ ફિલ્મનુ શુટિંગ પૂર્ણ થવા આવ્યુ છે. ફિલ્મકાર વિશાલ ભારદ્વાજ હવે કરીના કપુર સાથે વધુ એક ફિલ્મ બનાવવાની યોજના ધરાવે છે. કરીના કપુર સાથે વિશાલે ઓમકારા ફિલ્મ બનાવી હતી. વિશાલે ફરી એકવાર કરીના સાથે ફિલ્મ બનાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વિશાલે પોતાની ફિલ્મ રંગુનના સ્ક્રીનિંગ વેળા આ વાત કરી હતી. વિશાલે કહ્યુ હતુ કે તેઓ કરીનાના મોટા ચાહક તરીકે છે. અમારા બન્ને વચ્ચે સારા સંબંધ રહ્યા છે. તે એક શાનદાર અભિનેત્રી રહી છે. તેઓ કરીના સાથે વધુ એક ફિલ્મ કરવા માટેની ઈચ્છા ધરાવ છે. કરીના કપુર બોલિવુડમાં ટુંક સમયમાં વધુ કેટલીક ફિલ્મો સાઇન કરી શકે છે. કરીના કપુર ફરી એકવાર નવી નવી અભિનેત્રીઓને પડકાર ફેંકવા માટે તૈયાર છે. કરીના કપુરની ગણતરી બોલિવુડની ટોપ ક્લાસ અભિનેત્રીમાં કરવામાં આવે છે. તે તમામ ત્રણેય ખાન સાથે પહેલા કામ કરી ચુકી છે. જેમાં આમીર ખાન સાથે પણ તે થ્રી ઈડિયટ્સામાં શાનદાર રોલ કરી ગઇ હતી. આ ફિલ્મ ઓલાટાઈમ સુપર હિટ ફિલ્મો પૈકી એક ફિલ્મ છે. સલમાન સાથે તો કેટલીક ફિલ્મો કરી ચુકી છે. જેમાં સુપરહિટ ફિલ્મ બોડીગાર્ડનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત પણ તે કામ કરી ચુકી છે. શાહરૂખ ખાન સાથે તે મોટી ફિલ્મો કરી ચુકી છે. હવે બીજી ઈનિગ્સમાં તેને કેટલી સફળતા મળે છે તે બાબત પર વાત કરવી સરળ નથી. જો કે તે આશાવાદી છે. વિશાળ મોટી પડાકારરૂપ ભૂમિકામાં કરીના કપુરને ચમકાવવા માટે તૈયાર છે.

# તો શું હવે સુહાના પણ બૉલીવૂડમાં એન્ટ્રી કરશે..??

શાહરુખ ખાનની દીકરી સુહાના બૉલીવૂડમાં પદાર્પણ કરે તેની ઉત્સુકતા તેના પ્રશંસકોને બહુ છે, પરંતુ તેમને હજુ થોડી રાહ જોવી પડશે. જોકે, તેણે ફિલ્મમાં આવવાની તૈયારી શરૂ કરી દીધી છે. તાજેતરમાં જ તેની માતા ગૌરી ખાને ખુલાસો કર્યો હતો કે સુહાના એક મેગેઝિન માટે ફોટો શૂટ કરવાની છે. ફિલ્મમાં આવતા પહેલા જ તે ઘણી લોકપ્રિય થઇ ચૂકી છે. સોશિયલ મીડિયા પર તેના જબરદસ્ત ચાહકો છે.

શાહરુખે તો પહેલેથી જ જણાવી દીધું છે કે સુહાના બૉલીવૂડમાં એન્ટ્રી કરવા માગે છે અને તે સ્ટેજ પર ઘણો સારો અભિનય કરે છે. શાહરુખના બેસ્ટ ફ્રેન્ડ કરણ જોહરે દીકરી સુહાનાને લૉન્ચ કરવાની જવાબદારી ઉપાડી છે. તે સુહાનાને લૉન્ચ કરવા માટે એક પરફેક્ટ સ્ક્રિપ્ટની શોધમાં છે.

# કૃતિ સનોન ક્રાઇમ જર્નલિસ્ટ બનશે..??

અભિનેત્રી કૃતિ સનોન એની આગામી ફિલ્મમાં ક્રાઇમ રિપોર્ટરનો રોલ કરે એવી શક્યતા હોવાની માહિતી મલી હતી. એની આગામી ફિલ્મ છે અર્જુન પતિયાલા. 'યસ, આ વાત સાચી છે. મને મારા પત્રકાર દોસ્તોએ કહ્યું કે ક્રાઇમ જર્નલિસ્ટ થવાનું સહેલું નથી. એમાં ખૂબ મહેનત કરવી પડે છે અને એ પછી પણ ગમે ત્યારે તમારા પર જાનનું જોખમ પણ આવી પડતું હોય છે. મારા પાત્રને ન્યાય આપવા મેં પૂર્વતૈયારી શરૂ કરી દીધી છે' એમ કૃતિએ કહ્યું હતું.

એણે ઉમેર્યું હતું કે ફિલ્મ ઉદ્યોગ એવું સ્થળ છે જ્યાં તમારા પુરુષાર્થની નોંધ ખૂબ વ્યાપકપણે લેવાતી હોય છે. તમારું પાત્ર ઓડિયન્સને ગમે તો તમને રાતોરાત રાષ્ટ્રવ્યાપી ખ્યાતિ મળી જાય છે. મહેનતાણાં કે અન્ય બાબતોની તુલનો રાષ્ટ્રવ્યાપી ખ્યાતિ વધુ મૂલ્યવાન છે. હું મારા પાત્રને જીવંત કરવા બેસ્ટ પ્રયાસો કરીશ.ઔઆ ઉપરાંત કૃતિ વિશાલ ભારદ્વાજની ફિલ્મ ચૂડિયાંમાં પણ ચમકી રહી છે. એણે કહ્યું કે અત્યારે તો મારી અગ્રતા વિશાલ જેવા પ્રતિષ્ઠિત ફિલ્મ સર્જક સાથે કામ કરવાની છે. એમણે મને સાઇન કરી એ મારા માટે ગૌરવની વાત છે.

**રખેવાળ** ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................

માતા : ........................જ.તા. ................ઉ.વ.

પરિચય: ..........................................................

સરનામુ : ..........................................................

મોકલનારની સહી : ..................................................

## દ્રષ્ટીકોણ..

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

જોકે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અથાગ પ્રયાસોના કારણે મહત્વની ટેકનોલોજી ભારતને પ્રાપ્ત થશે. ચીન ભલે ગમે તેટલાં બણગાં ફુંકે પરંતુ ભારતે જે રાષ્ટ્રો સાથે ઐતિહાસિક સમજુતીઓ કરી છે તેમાં કોઈ ફેરફાર થઈ શકે તેમ નથી.

ગત વર્ષે અમેરીકાના પ્રમુખ ટ્રમ્પે ભારતના આગળ વધતા વિકાસદરને યોગ્ય દિશા તરફનું પગલું ગણાવ્યું હતું.જોકે હવે ટ્રમ્પને પાકિસ્તાન ઉપર ભરોસો રહ્યો નથી. ત્યાંના રાજકારણમાં ભારે બદલાવ આવી રહ્યો છે. હમણાં પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન પર કોઈ વિપક્ષના સભ્યોએ જુતું ફેંકયું હતું. આ બનાવ વિશ્વભરમાં ચર્ચાસ્પદ બન્યો છે અને હાલમાં પાકિસ્તાન ત્રાસવાદીઓનો અડ્ડો બની ગયું છે. સરકારની તમામ યોજનાઓ નિષ્ફળ ગઈ છે અને હાલમાં પાકિસ્તાનને મદદરૂપ થાય તેઓ કોઈ દેશ નથી. કદાચ અમેરીકા પાસે ફરી હાથ લંબાવે તો નવાઈ નહીં.

## કંઈક નરમ ગરમ

**અનુસંધાન પાના નં.૫ નું ચાલું**

એક તરફ દુધ કે ચા ઉભરાઈ જવાની તૈયારીમાં હોય, બારણે બેલ વાગતો હોય કે કુકરની સીટી.. અરે પાછી ખીચડી દાઝી જતી હોય પણ સ્ત્રીઓને કાને ચોટેલા મોબાઈલથી છુટતું નથી જે થવું હોય એ થાય. બનવું હોય એ બને પણ મોબાઈલ વિના ચાલતું નથી રહેવાતું નથી મોબાઈલ તો જોઈશે જ.. અને બિચારા પતિ પરમેશ્વરો પોતાની પત્નીને અવશ્ય મોબાઈલ લાવી આપે છે.

એટલે કે મોબાઈલ વગર ચાલતું નથી એમ કહી શકાય. પ્રશ્ન હવે એ થશે કે આ મોબાઈલ વિનાનો કોઈ હોય તો બતાવો. પસ્તી વાળાની પાસે મોબાઈલ અને શેરી વાળનારા ગાડુ વાળા પાસે મોબાઈલ. ઘણાની પાસે વળી બે બે ત્રણ ત્રણ મોબાઈલ હોય છે. એક ઉપરના ખિસ્સે, બીજો પેન્ટના ખિસ્સામાં અને ત્રીજો કમર ઉપર લટકતો.. જાણે શોય ઉદ્યોગ ધંધો કરીને ઉંધો વળી જતો હોય છે. શાક લેવા કે દુધ લેવા ગયા હોય અને જો એ ટાણે મોબાઈલની રીંગ રણકે તો પત્યું. તમને વસ્તુ મોડી મળે તો.. પણ દુધવાળી કે વાળો.. શાકવાળી કે વાળો. .મોબાઈલને કાને ધરીને વાત તો કરવાના જ.. પછી વાત થશેનું ધોરણ નહીં..

એટલે કે મોબાઈલ વગર જરાય ચાલતું નથી. જેમ રૂપિયા છે તો રંગ છે એમ મોબાઈલ છે તો જાણે આ બધુંય છે નહીં તો શું ધુળ છે ? આ જગતમાં માત્ર મોબાઈલ વગર ચાલતું નથી એવું કાંઈ જ નથી. અહીં એવા કેટલાય નમુના છે જેઓ ને.. હા એમને જાણે ચાલતું નથી. સવારના પહોરમાં ઉઠયા કે તમાકુ ખાધા વગર ચાલતું નથી એય મારા ભૈ ચડ્ડો પહેર્યો હોય, ડાચું ધોયું પણ ન હોય અને કોઈ સ્થાને ઉભા ઉભા ચોળવાને માંડશે જતા આવતાં નરનારીઓનું નિરીક્ષણ કરી રાખજે. એ ઘડી ઈશ્વર, ઉપરવાળાને પણ ઘડી બે ઘડી થશે. જીવનમાં મારૂં, ઈશ્વરનું મહત્વ છે કે તમાકુનું..?

અરે હથેળીમાં ચોળનારા જ નહીં પ્લાસ્ટીકના કાગળમાં રહેલો મસાલો મસળનારા ઓછા તો નથી. ઘણી વાર્તો મસાલો એ સ્પીડે મસળે કે એના કાગળનો અવાજ.. પ્લાસ્ટીકનો ચકરપકર આવવા લાગે અને પછી પહોળા થયેલા ડાચામાં એનો જય હો.. લોકોને તમાકુના મસાલા ખાધા ચોળ્યા વિના ચાલતું નથી. એક વસ્તુ બાબત ઉઘાડા સત્ય સમાન છે કે તમાકુના સેવનથી કેન્સર થાય છે. અલ્યા ભઈઈ.. કેન્સર શું કામ એનો બાપ છો ને થાય.. અમારે એને ખાધા વગર ચાલતું નથી એ નક્કી..

આજે છાપાં વંચાતા નથી છતાંય લોકોના ઘેર છાપું જરૂરથી આવે છે. ભલે આખુંય નથી વાંચતો.. જાણે ટાઈમ નથી પણ..પણ. તમારા છાપું આવતું ન હોય તો પડોશીના ઘેર જઈને.. એના ઘરની મોસમ, વાવાઝોડા આવનારાના કોઈ સંકેતો સાંભળ્યા, જોયા વિના ચાલવાનું નથી. અરે ચાલતું નથી.. એમાંય આજે તો પેલી દક્ષિણની આંખ મારતી છોકરી જોયા વિના.. બસ પાડોશીના ઘરમાં જઈને એ છોકરીની તસવીરને જોયા વગર ચાલતું નથી.. ત્યારે થાય છે.. થશે.. હે પાડોશી મહિલા તુંય આ દક્ષિણની છોકરી પાસેથી કંઈક પ્રેરણા મેળવ.. કંઈક શીખ..

અરે દેશના નેતાઓને કૌભાંડો કર્યા સિવાય ચાલતું નથી. સંતોને મોટી વાતો કર્યા વિના ચાલતું નથી. પાકિસ્તાનને વિશ્વભરમાં એક ખોફનાક આતંકવાદ ઉભો કર્યા વિના ચાલતું નથી. ટ્રમ્પજીને બધાની ખબર લઈ નાખવાના નાના મોટા ખુંખારા વિના ચાલતું નથી. કોરીયા એન્ડ કું.ને બાંયો ચડાયા-ચડાવ્યા વિના ચાલતું નથી.. અને આ અવળા હાથની કોલમના લેખક બુડ બક ભંલુચાટને ચકલાં પોપટની માથાફોડ બાળવાતો વાર્તાઓ લખ્યા વિના ચાલતું નથી.

**રેણુબેન વિષ્ણુભાઈ બારોટ (અમદાવાદ)**
**મો.નં.૯૮૨૪૨૩૪૬૬૮**

## એનું નામ છે જીવન

**અનુસંધાન પાન ૫ નું ચાલુ.**

હવે કૃતિકા અને તેની માએ બૂમાબૂમ કરવાનું શરૂ કર્યું. કૃતિકાના પપ્પા બદમાશો સામે ટક્કર લઈ રહ્યા હતા.

રાતના એકાંતમાં બૂમાબૂમના અવાજથી પાડોશીઓ પણ જાગી ગયા. હવે તેમના બારીબારણા ખૂલવા લાગ્યાં જે સાંભળીને બદમાશોના પણ ઢીલા પડયા. હવે તેઓ જેમતેમ કરીને ભાગી છૂટવાની પેરવીમાં પડયા. એ દરમિયાન કૃતિકાના પપ્પાએ એક બદમાશને જોરદાર ધક્કો માર્યો તે બીજાની સાથે ભટકાઈની નીચે પડયો. હવે બદમાશોને સમજાઈ ગયું કે ઝાઝી વાર અહી રહેવામાં જોખમ છે. હવે જો અહીં રહેશે તો પકડાઈ જશે. તેથી એ કૃતિકાના પપ્પાનો સામનો કરવાનું પડતું મૂકી બહારની તરફ ભાગ્યા. પણ બહાર નીકળી ભાગવાનું એટલું સહેલું ન હતું. કેટલાય પડોશીઓ શું થયું છે તે જાણવા બહાર આવી ઊભા હતા ત્યાં એક પાસે કેવાં હથિયાર હોય, કદાચ જીવલેણ હુમલો કરી દે એ ડરથી પડોશીઓ તેમને ભાગીને જતા જોઈ રહ્યા, પરંતુ એક પાડોશી હિંમતસિંહ જોશીથી રહેવાયું નહીં તેણે ભાગીને જતા છેલ્લા બદમાશને પકડી પાડયો. બદમાશ લથડીને જમીન પર પડયો. પાડોશીઓએ તેના પર હુમલો કરી દીધો.

હિંમતસિંહ જે રીતે બદમાશનો સામનો કરતો હતો તે જોઈને બીજા પાડોશીઓ પણ આગળ આવ્યા અને પેલા બદમાશને કાબૂમાં કરી લીધો. તેને પાછું ફરીને જોયું તો તેના સાથીદારો ઊભી પૂંછડીએ ભાગી રહ્યા હતા એ દરમિયાન કોઈએ પોલીસને ફોન કરી દીધેલો તેથી પોલીસ આવી અને પકડાયેલા બદમાશને પોલીસ સ્ટેશન લઈ ગઈ. પૂછપરછ દરમિયાન તેણે તેના સાથીદારોના નામો આપ્યાં તેમાંથી બે પકડાઈ ગયા તેમનો ચોથો સાથીદાર એ વખતે પકડાયો ન હતો બે મહિના પછી એ પણ અમદાવાદથી પકડાયો.એ ત્યાં મજૂરીકામ કરતો હતો.

આ તરફ કૃતિકા ઘાયલ થયેલ હોઈ તેને નજીકની ગીતાંજલિ મેડિસિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી. લગભગ નવ દિવસ પછી એ સાજી થઈ પાછી ઘેર આવી. એક માસ સુધી ડોકટ-રે આરામ કરવાનું કહ્યું હતું. માતાપિતાને ચિંતા હતી કે માથામાં વાગેલ લાકડીના ઘાને કારણે મગજને કોઈ અસર ન થાય તો સારું. તેમણે તે વખત સીટીસ્કેન કરાવ્યું.માર્ચમાં પરીક્ષા આવી ગઈ હતી. ડોકટરે કહ્યુ કે મગજ પર વધુ દબાણ લાવતી નહી છતાં કૃતિકાએ હિંમત કરી પરીક્ષા આપી ને પાસ થઈ ગઈ. મમ્મી પપ્પાએ કહ્યું ચાલો સારું થયું વરસ બચી ગયું.

કૃતિકાએ બહાદુરીપૂર્વક બદમાશોનો સામનો કર્યો. અને તેમને પકડાવવામાં મુખ્ય ભાગ ભજવ્યો તેના વખાણ થયાં રાજસ્થાનના રાજયપાલ, ગૃહમંત્રી, જિલ્લા અધિકારી શાળાના સંચાલકો, સેવાભાવી સંસ્થાઓ દ્વારા તેનું સન્માન કરવામાં આવ્યું અને કહ્યું, 'વેલ ડન કૃતિકા'ભારતીય બાલ કલ્યાણ પરિષદ નવી દિલ્હી એ તેને રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર માટે પસંદ કરી. દેશની રાજધાનીમાં વડાપ્રધાને તેની બહાદુરીને સન્માની, રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, મુખ્યમંત્રી, ઉપરાજયપાલ જેવા અનેક ગણમાન્ય લોકોએ તેને મળીને તેના વખાણ કર્યા અને ગણતંત્ર દિવસની પરેડમાં હાથ હલાવતા આખા દેશે તેનું અભિવાદન કર્યું.

**નટવર હેડાઉ**

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
રવિવાર ૧૮ માર્ચ ૨૦૧૮ (૭)
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

# ડિફોલ્ટ કેસોના નિકાસ માટે તમામ ડેપો કક્ષાએ કાર્યક્રમ યોજાયો



ચાણસ્મા

એસ.ટી.કર્મચારીઓ ડિફોલ્ટ કેસના કારણે માનસિક તાણ અનુભવતા હોઈ તેની સીધી માઠી અસર ફરજ ઉપર પડતી હોવાનું ધ્યાને આવતાં એસટી નિગમ દ્વારા કર્મચારીઓ વિરુદ્ધ થયેલા આવા ડિફોલ્ટ કેસોનો નિકાલ લાવવા તમામ ડેપો કક્ષાએ ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો હતો.જે મુજબ બહુચરાજી ખાતે એસ.ટી. ડેપો મેનેજર ભાવેશ વૈદ્યના અધ્યક્ષ સ્થાને ઓપન હાઉસ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ડ્રાઈવર- કંડક્ટર સહિતના કર્મચારીઓ વિરુદ્ધ નોંધાયેલા ૬૭ ડિફોલ્ટ કેસોનો નિકાલ કરાયો હતો. એસટી વર્કશોપમાં યોજાયેલા આ કાર્યક્રમમાં હાજર કર્મચારીઓને ડેપો મેનેજર પ્રધાનમંત્રી વીમા યોજના અંતર્ગત વીમો ફરજીયાત ઉતરાવી લેવા અનુરોધ કર્યો હતો. આ સાથે રાજ્યમાં પ્રવર્તતી પીવાના પાણીની ગંભીર સમસ્યાને લઈ તમામ કર્મચારીઓએ પાણી બચાવો અંગે શપથ લીધા હતા. એસટી કર્મચારીઓ પણ નિગમના હકારાત્મક વલણને બિરદાવ્યું હતું.

## નાંદોદ ગામના સંઘનું યાત્રાધામ શંખલપુરમાં આગમન



ગાંધીનગર જિલ્લાના નાંદોદ ગામનો સંઘ શનિવારે યાત્રાધામ શંખલપુર ગામે પધાર્યો હતો અને મા બહુચરના મંદિરે બાવન ગજની ધજા સહિત નાની- મોટી એકાવન ધજા અર્પણ કરી હતી. આ સમયે બોલ માડી બહુચર જય જય બહુચરના જયઘોષથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું હતું.

## વિજાપુર વિસ્તારની સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતા ફરિયાદ

મહેસાણાં

વિજાપુર વિસ્તારની એક સગીરાને લગ્નની લાલચ આપી ભગાડી જઈને દુષ્કર્મ આચરવામાં આવતા ચકચારની લાગણી પંથકમાં પ્રસરી છે. આ અંગે સગીરાએ આરોપી શખ્સ સામે લોડોલ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. ગત ૧૨ માર્ચની રાત્રીએ આ વિસ્તારની સગીરાને વિજાપુરના પીરોજપુરા ગામના અમિતજી ભવાનજી ઠાકોરે લગ્નની લાલચ આપી સગીરાને ભગાડી ગયો હતો ત્યાર બાદ તેણીની મરજી વિરૂધ્ધ દુષ્કર્મ આચરતા સગીરાને છેતરાવાનો અહેસાસ થયો હતો. આ બાબતે સગીરાએ ગત મંગળવારે આરોપી વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## વિવિધ બજાર ભાવ

| | | | |
|---|---|---|---|
| નેનાવા | | જોબુ:૮૧૨-૮૫૪ | |
| બાજરી | ૨૬૫ | થરાદ | |
| ગવાર | ૭૬૦-૭૭૦ | રાયડો | ૭૦૦-૭૩૫ |
| અસાળીયો | ૭૫૦ | એરંડા | ૮૦૦-૮૧૫ |
| અજમો | ૮૫૫ | જીરુ | ૨૫૦૦-૩૦૫૦ |
| રાયડો | ૬૮૦-૭૪૦ | મેથી | ૬૬૦-૧૨૬૦ |
| એરંડા | ૭૯૦-૮૦૮ | ધાણા | ૭૮૦-૯૦૭ |
| જીરૂ | ૨૫૩૦-૨૯૫૦ | ગવાર | ૭૫૦-૭૮૫ |
| સુવા | ૯૬૦ | ઈસબગુલ | ૧૫૦૦-૧૬૦૧ |
| રાજગરો | ૭૩૦ | રાહ | |
| ઈસ. | ૧૫૦૦-૧૬૦૧ | રાયડો | ૬૯૦-૭૧૫ |
| મેથી | ૫૬૬ | એરંડા | ૮૦૦-૮૧૦ |
| સરસવ | ૮૦૦-૮૭૫ | બાજરી | ૨૯૦-૩૨૫ |
| ભીલડી | | થરા | |
| એરંડા | ૮૦૦-૮૧૪ | જીરૂ | ૨૩૪૦-૩૨૭૦ |
| રાયડો | ૫૦૦-૭૨૧ | એરંડા | ૮૦૮-૮૨૦ |
| રાજગરો | ૭૦૦-૮૬૨ | રાયડો | ૬૭૦-૭૩૦ |
| બાજરી | ૨૪૮-૨૫૫ | ઘઉં | ૩૦૮-૩૪૦ |
| ઘઉં | ૩૦૦-૩૫૦ | ગવાર | ૭૪૪-૭૬૦ |
| ગવાર | ૭૭૦-૭૯૧ | બાજરી | ૨૫૦-૨૭૩ |
| જીરૂ | ૨૫૭૦-૨૭૪૫ | ધાણા | ૭૪૦-૮૦૦ |
| ધાનેરા | | મેથી | ૭૦૦-૭૨૦ |
| ઘઉં | ૩૦૬-૩૮૨ | સિદ્ધપુર | |
| એરંડા | ૭૯૦-૮૦૮ | ઘઉં | ૩૨૬-૩૬૧ |
| સુવા | ૯૫૦-૯૯૨ | એરંડા | ૭૬૫-૮૨૪ |
| રજકો | ૨૧૪૧ | રાયડો | ૫૮૦-૭૩૪ |
| ઈસ. | ૧૧૦૫-૧૫૭૮ | રાજગરો | ૮૫૯-૮૭૫ |
| જીરૂ | ૨૫૦૦-૨૮૦૦ | બાજરી | ૨૧૦-૨૪૨ |
| વરી. | ૧૨૦૦-૧૪૨૫ | જવ | ૨૮૬ |
| તલ | ૧૪૫૦-૧૫૦૫ | ગવાર | ૭૩૦-૭૮૦ |
| મેથી | ૬૬૮ | કપાસ | ૬૦૦-૧૦૨૨ |
| રાયડો | ૬૫૦-૭૧૦ | પાટણ | |
| રાજગરો | ૭૩૧-૮૮૩ | જીરૂ | ૨૧૦૦-૨૮૧૮ |
| બાજરી | ૨૪૭-૨૭૫ | વરી. | ૧૧૫૦-૧૬૮૫ |
| ગવાર | ૭૨૭-૭૮૨ | મેથી | ૪૦૦-૭૭૦ |
| અન્ય | ૮૦૨-૧૧૨૧ | સુવા | ૯૧૫-૯૩૧ |
| બીજડા | ૧૦૦૧ | રાયડો | ૬૬૫-૭૩૨ |
| પીલૂડા | | એરંડા | ૭૮૪-૮૧૭ |
| રાયડો : ૭૦૦- ૭૨૮ | | ઘઉં | ૩૨૫-૩૬૬ |
| એરંડા : ૮૦૦- ૮૩૦ | | બાજરી | ૨૨૦-૨૫૦ |
| જીરું : ૨૬૫૦-૨૯૧૧ | | જુવાર | ૬૬૦-૮૫૩ |
| ધાણા : ૭૮૦- ૭૮૦ | | બંટી | ૨૫૦ |
| ગવાર : ૭૫૦-૭૭૧ | | જવ | ૨૭૦ |
| ઈસબગુલ: ૧૫૦૦-૧૬૦૦ | | મગ | ૬૯૯ |
| મગ: ૮૨૧- ૮૨૧ | | અડદ | ૫૦૦-૭૩૧ |
| સરસવ: ૭૧૧-૭૧૧ | | ગવાર | ૭૦૦-૭૭૦ |
| ચીકુડી:૧૦૪૧-૧૦૪૧ | | કપાસ | ૭૧૫-૧૦૪૦ |
| અજમો:૧૨૪૧ | | | |

# મુખ્યમંત્રી આજે પાટણ જિલ્લાના શંખેશ્વર મહાતીર્થ ખાતે પધારશે



પાટણ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી આજે પાટણ જિલ્લાના જૈન મહાતીર્થ શંખેશ્વર ખાતે પધારવાના છે શંખેશ્વર ખાતે મુખ્યમંત્રી વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવાના છે. સવારે ૧૦.૩૦ કલાક બાદ મુખ્યમંત્રીનું શંખેશ્વર ખાતે આગમન થશે. ત્યારબાદ તેઓશ્રી એન.એમ. શાહ કોલેજના તકતિ અનાવરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાના છે. શંખેશ્વર તીર્થક્ષેત્રના ગામ વચ્ચે બિરાજમાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ પ્રભુના મંદિરની મુલાકાત કરી અત્રે દર્શન, પૂજા-અર્ચનામાં ભાગ લેશે. હાઈવે પર બિરાજીત શ્રી ૧૦૮ મંદિર ખાતે મૂર્તિના અનાવરણ બાદ અત્રે પૂજા-અર્ચના અને જૈન સાધુ ભગવંતો સાથે બેઠક કરશે. અને ત્યારબાદ અત્રે યોજાનાર જાહેરસભામાં ઉપસ્થિત રહેશે. મુખ્યમંત્રીશ્રીના આગમનને લઇ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા ઉચિત તૈયારીઓ હાથ ધરાઇ છે.

જેના ભાગરૂપે કલેકટરે અધિકારીઓ સાથે બેઠક યોજી હતી અને શંખેશ્વર ખાતે મુલાકાત કરી હતી. મુખ્યમંત્રીના ત્રિવિધ કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર પણ ઉપસ્થિત રહેવાના છે.

# રાધનપુરમાં યદુવંશી મહાસભાના કાર્યકરોએ પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું

**ધારાસભ્યોનું સસ્પેન્શન રદ કરવા અને ગુમ વિદ્યાર્થી અંગે રજુઆત**




રાધનપુર

રાધનપુરમાં અખિલ ભારતીય યદુવંશી મહાસભાના કાર્યકરોએ પ્રાંત અધિકારી કચેરીએ નાયબ મામલતદાર ચંદ્રકાન્તભાઈ જીવરાણીને આવેદનપત્ર સુપરત કરીને વડોદરા ખાતે આવેલ ગોત્રી મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ.ના ફાઈનલ ઈયરમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી દેવકિશન દેવશીભાઇ કાતરીયા ગુમ થયેલ છે,તે અંગે યોગ્ય તપાસ કરવા અને ગુજરાત વિધાનસભામાં બનેલી ઘટના બાદ બે ધારાસભ્યો અંબરીશભાઈ ડેર અને પ્રતાપભાઈ દૂધાતને ત્રણ વર્ષ માટે ગૃહમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેને વખોડી કાઢવામાં આવ્યું હતું. રજુઆતમાં જણાવ્યા મુજબ ગોત્રી મેડિકલ કોલેજના પ્રાધ્યાપકની વહાલા-દવલાની નીતિને કારણે અને હાથે ફેક્ચર થયું હોવાથી દર બે મહિને લેવાતી પ્રેક્ટિસ ગાયનેકોલોજિસ્ટ વિષયની વિદ્યાર્થી દેવકિશન દેવશીભાઇ કાતરીયા ઈન્ટર પરીક્ષા આપી શક્યો નહતો,અને પ્રાધ્યાપકે તેની વિનંતી ગાહ્ય ના રાખતા એક ચિઠ્ઠી લખીને તે ગુમ થઇ ગયો હતો.જેનો આજ સુધી કોઈ પત્તો લાગ્યો નથી,જેથી આ બાબતે યોગ્ય તપાસ કરીને કાર્યવાહી કરવા જણાવવામાં આવ્યું હતું.

આ ઉપરાંત વિધાનસભામાંથી સસ્પેન્ડ કરાયેલા બંને ધારાસભ્યોએ પોતાના વિસ્તારના વિકાસની રજુઆત કરી હતી તેમ છતાંય એકતરફી નિર્ણય લઈને પગલું ભરાયું હોવાથી સસ્પેન્શન ઓ-ર્ડર પરત નહિ લેવામાં આવે તો ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામા આવી હતી.

# ગુણભાખરીના મશહુર ચિત્ર-વિચિત્ર લોકમેળાને લોકોએ મન ભરીને માણ્યો.....




હિંમતનગર

ગુણ ભાખરી ખાતે ચિત્ર-વિચિત્ર મહાદેવનો વનવાસી ભાતીગળ મહામેળો તા. ૧૫થી ૧૬ માર્ચ બે દિવસનો મેળો ધામધુમથી ઉજવાયો આ પ્રસંગે રાત્રે ખેડબ્રહ્મા – વિજયનગરના ધારાસભ્ય અશ્વિનભાઈ કોટવાલના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કર્યું જેમાં નાયબ કલેકટર કૌશિકભાઈ મોદી , ડી.ડી.ઓ , પોશીના મામલતદાર , પોશીના તાલુકા પ્રમુખ , વગેરે ઉપસ્થિત રહ્યા હતા. રાત્રે સંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. મેળાની રાત્રે સાબરકાંઠા-બનાસકાંઠા અને રાજસ્થાન ઉદેપુરના વનવાસી બંધુઓ મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. આદિવાસી ભાઈઓ-બહેનો વૃધ્ધો સાથે મહામેળો માલ્યો હતો. ગુજરાત રાજ્યમાં ભરાતા આ લોકમેળામાં રાજસ્થાનના ઉદેપુર-કોટડા છાવણી લાખીયા – કાગવાસી અને શિહોરી પરગનાણા આદિવાસી તેમજ ડુંગરી ગરાસીયા વધુ પ્રમાણમાં જોવા મળતાં હતા. આદિવાસી લોક સસ્કૃતિ ધબકાર જોવા મળતો હતો. આદિવાસી લોક સસ્કૃતિ અને પરંપરા ના દર્શન કરાવ્યા હતા. આખી રાત ચિત્ર-વિચિત્ર ના મેળામાં મહાદેવના સાનિધ્યમાં સાસ્કૃતિક કાર્યક્રમો ભજન-કીર્તન કરવામાં આવ્યા હતા. આખીરાત લોકોએ મેદની મજા માણી હતી. અને બીજા દિવસે વહેલી સવારે પાંચ વાગ્યે આંકળ વાંકળ અને નદીના ત્રિવેણી સંગમેં મહિલાઓ એ મૃત સ્વપ્નોની યાદમાં રુદન કરી મૃત સ્વજનોના અસ્થિ નદીમાં પધરાવી નદીમાં સ્નાન કર્યું હતું અને મહ્દેવના મંદિરે દર્શન કર્યા હતા. સાબરમતી ત્રિવેણી સંગમે સગા –વ્હાલાઓ પોક મુકીને એકબીજાને ભેટીને રડતા હતા. અસ્થિ વિસર્જન કરીને અંતિમ હૈયાફાટ રુદન કરતા આદિવાસી સ્વજનો જણાતા હતા. મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે આખી રાત્રે પોલીસ બદોબસ્ત મૂકી દેવામાં આવ્યો હતો..

# રાધનપુર તાલુકાના નાયતવાડાની વિધવા મહિલાને રૂ.૪ લાખનો ચેક અર્પણ કરાયો

**મહિલાએ સહાય ના ચુકવતા આત્મવિલોપનની ચીમકી આપી હતી**




રાધનપુર

રાધનપુર તાલુકાના નાયતવાડાની ત્રણ સંતાનોની વિધવા માતાએ સ્વર્ગીય પતિની મૃત્યુની આકસ્મિક સહાય ના ચુકવાતા પ્રાંત અધિકારીને તા.૨૬ ફેબ્રુઆરીના રોજ લેખિતમાં રજૂઆત કરીને જો સહાય ચુકવવામાં નહિ આવે તો એક દીકરો અને બે દીકરીઓ સાથે આવીને પ્રાંત કચેરી આગળ આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારી હતી,જેના પગલે સરકારી તંત્ર સફાળું જાગ્યું હતું અને જિલ્લા કક્ષાના અધિકારીના અધ્યક્ષસ્થાને કમિટી બનાવીને સંપૂર્ણ તપાસ કર્યા બાદ સહાય ચૂકવવા પાત્ર જણાતાં રાજ્યના મંત્રી દિલીપજી ઠાકોરના હસ્તે શનિવારે નાયતવાડા ગામે જઈને વિધવા મહિલાને રૂ.૪ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

ગત ચોમાસામાં ભારે વરસાદને કારણે ચારેબાજુ પાણી ભરાઈ જવા પામ્યા હતા.નાયતવાડા ગામના રમેશભાઈ માધાભાઇ ઠાકોરને ચાલુ વરસાદે ભેજવાળું વાતાવરણ હોઈ તા.૨૨-૦૭-૨૦૧૭ ના રોજ લાઈટના થાંભલાના તાણિયાથી કરંટ લાગતાં મરણ થયું હતું.જે અંગેના સરકારી સહાય મેળવવાના તમામ કાગળો તાલુકા પંચાયત કચેરીએ આપવામાં આવ્યા હતા.તેમ છતાંય મરણસહાય ચુકવવામાં ના આવતા મૃતકના પત્નીએ પ્રાંત અધિકારીને લેખિતમાં રજુઆત કરીને સહાય ચૂકવવા જણાવ્યું હતું,અને જો સહાય ચુકવવામાં નહિ આવે તો આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી.જેના પગલે સરકારી તંત્ર સફાળું જાગ્યું હતું અને કાર્યવાહી હાથ ધરી હતી.શનિવારે રાજ્યના મંત્રી દિલીપજી ઠાકોરે નાયબ જિલ્લા વિકાસ અધિકારી ચૌહાણ,તાલુકા વિકાસ અધિકારી રઘુભાઇ ચૌધરી,તાલુકા પંચાયતના સદસ્ય સુરેશભાઈ ઠાકોર,ખરીદ વેચાણ સંઘના પૂર્વ ચેરમેન કેશુભા પરમાર,પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ વાઘજીભાઈ ગઢવી સહિતની ઉપસ્થિમાં રૂ.૪ લાખનો સહાયનો ચેક મૃતકના વિધવા ભનુબેન રમેશભાઈ ઠાકોરને અર્પણ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે મંત્રી દિલીપજી ઠાકોરે અંગત રીતે રૂ.૫ હજાર,નવીનભાઈ મહેતાએ રૂ.૧૧ હજાર,તાલુકા પંચાયતના સદસ્ય સુરેશભાઈ ઠાકોરે રૂ.૧૧૦૦ ની રોકડ સહાય કરી હતી.

# વર્લ્ડ હિઅરીંગ ડે : શ્રવણ શક્તિ અંગે જાગૃતતા વધારવા, મહેસાણાના ડોક્ટરોએ શ્રુતિ સાથે ભાગીદારી કરી

મહેસાણા

વર્લ્ડ હિઅરીંગ ડે પર, મહેસાણાના ડોક્ટરોએ સાભળવા અને અન્ય કાન સંબંધી ચેપ અંગે જાગૃતતા વધારવા માટે તેમની પ્રતિજ્ઞાને નવેસરથી શરૂ કરી, જે ભારતના આશરે ૭૫ મિલિયન લોકોને અસર કરે છે, જે ભારતની વસ્તીના ૬ ટકા જેટલો છે. અને અંદાજ છે કે ૭ ટકા લોકો ગુજરાતભરમાં કાનના ચેપથી પીડાય છે અને તેમને સારી ગુણવત્તાવાળી સંભાળ પૂરી પાડવાની તાત્કાલિક જરૂર છે.

મહેસાણાના ડોક્ટરોએ શ્રુતિ નામના એક પ્રોગ્રામ સાથે ભાગીદારી કરી છે, જે મેડટ્રોનિકની જાહેર જાગૃતતા અંગેની પહેલ છે, જે જાગૃતિ, નિદાન અને ક્રોનિક કાન રોગ માટે શંકાસ્પદ દર્દીઓના પુનર્વસવાટ અને નિવાર્યક્ષમ શ્રવણશક્તિના નુકશાન માટે આત્મનિર્ભર ઈકોસિસ્ટમ બનાવવા અને તેનું સંચાલન કરવાનો છે. ભારતમાં ઈએનટી ડોક્ટરની સંભાળના કેન્દ્રિય બિંદુ તરીકે, આ કાર્યક્રમ પ્રશિક્ષિત કોમ્યુનિટી હેલ્થ વર્કરો (સીએચડબલ્યુ) દ્વારા શરૂ કરવામાં આવે છે, જે ઈએનટી ડોક્ટર માટે કામ કરે છે અને "ઈએનટી રિવ્યુ" તરીકે ઓળખાતાં કાન સ્ક્રીનિંગ કિટ સાથે સજ્જ છે. આ સમુદાય સ્વાસ્થ્ય કાર્યકરો લોકોના બારણાની બહાર અથવા સમુદાય કેમ્પમાં સ્ક્રીનીંગ કરે છે. હકારાત્મક કામચલાઉ નિદાન ધરાવતા દર્દીઓ ઓછા ખર્ચે સારવાર પ્રાપ્ત કરવા માટે ડોક્ટરને પહોંચાડવામાં આવે છે, જેમાં વધુ નિદાન, દવાઓ, ઓડિયોમેટ્રિક ટેસ્ટ્સ, સર્જિકલ ઈન્ટરવેન્શન અને શ્રવણાની મદદનો સમાવેશ થાય છે. "ગુ-જરાતમાં લગભગ ૭ ટકા વસ્તી સુનાવણીથી પીડાઇ રહી છે, જે અસ્થાયી અથવા કાયમી સુનાવણીના નુક્શાનનું કારણ બની શકે છે. આ અનન્ય શ્રુતિ પ્રોગ્રામને જાગૃતિ, નિદાન અને સેવા આપતાં દર્દીઓની વસતી હેઠળ સારવાર દ્વારા સંબોધિત કરે છે. મહેસાણામાં આવા અપંગતા ધરાવતા લોકો સુધી પહોંચવા માટેના હેતુ સાથે, અમે શ્રુતિ સાથે ભાગીદારી કરી છે જે જરૂરી સારવાર પૂરી પાડવાનું છે જે સસ્તું છે."શ્રુતિ કાર્યક્રમ હાલમાં ભારતના ૧૮ શહેરોમાં ૨૫ હોસ્પિટલ્સમાં કાર્યરત છે. કોમ્યુનિટી હેલ્થ વર્કરો દ્વારા, આ કાર્યક્રમમાં ૩,૯૦,૦૦૦ કરતાં વધુ લોકોની સ્ક્રીનીંગ કરવામાં આવી છે,

જેમાંથી ૩૦ ટકા સ્ક્રીનીંગ વસ્તી માટે કાનની સંભાળ રાખવાની જરૂર છે. લગભગ ૮ ટકા વસ્તીને તબીબી અને સર્જિકલ હસ્તક્ષેપના સંયોજનની જરૂર છે અને ૩-૫ ટકા લોકોની સુનાવણી આવશ્યક છે. અત્યાર સુધીમાં શ્રુતિ પ્રોગ્રામ દ્વારા લગભગ ૮૦૦૦ લોકોએ નોંધપાત્ર ઓછાં ખર્ચ પર સારવાર મેળવી છે, જે કદાચ અન્યથા પ્રાપ્ત કરી શક્યાં નથી.

# સાબરકાંઠા જિલ્લાના પ્રાથમિક શાળાના શિક્ષકોને ચુકવાતું અધધ એચ.આર.એ. (ઘરભાડું)

વડાલી

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા, પોશીના, વડાલી, ઈડર, વિજયનગર જેવા તાલુકાના શિક્ષકોને અધધ એચ.આર.એ. ચુકવામાં આવે છે. જે શિક્ષકો શાળા ફરજથી ૮ કિ.મી. અંદર ભાડે મકાન લઈ ફરજ બજાવતા હોય તેવા જ શિક્ષકોને એચ.આર.એ. ચુકવાનું થતું હોય છે. પણ તાલુકાના શિક્ષણ અધિકારીઓ દ્વારા શિક્ષકોના પગાર બિલમાં આંખો બંધ કરી સહીઓ કરી દેતા હોય છે.ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગરના તાલુકાના શિક્ષણ અધિકારીઓને એ પણ ખબર નથી કે તાલુકામાં કેટલી પ્રાથમિક શાળાઓ આવેલી છે ? અને કઈ શાળામાં કેટલા શિક્ષકો ફરજ બજાવે છે ? તેઓનો કાયદેસર માસીક હપ્તા બાંધેલા હોય છે. જે બાબતે વડીવટદાર પણ રાખેલા છે. જે દર મહિને એચ. આર. એ.માંથી ૫ ટકા રકમ રોકડા ઉઘરાવી લે છે. તેવી કેટલાક શિક્ષકો દ્વારા રૂબરૂમાં જણાવામાં આવ્યું છે. ખેડબ્રહ્મા, પોશીના, વિજયનગરના શિક્ષકો ઈકો ગાડીઓ રાખે છે. જે ફરજને બદલે ગાડી ભાડુ કમાવામાં વધુ રસ દાખવે છે. સરકાર પગાર તો ચુકવાની છે.પણ સાઈડ બિઝનેશ ગાડી ભાડે ફરવાની રાખે છે. આ શિક્ષકો ફરજ બજાવતા નથી છતા તાલુકા શિક્ષણ અધિકારી દ્વારા આજ સુધી કોઈ શિક્ષકોને નોટીસ બજાવામાં આવી નથી. તપાસના નાટકો માત્ર કાગળ ઉપર જ બધુ બરોબર ચાલે છે.

ખેડબ્રહ્મા તાલુકાનું કુલ એચ.આર.એ. ૧૫ લાખ ઉપરાંતનું દર મહિને ચુકવામાં આવે છે. વિજયનગર તાલુકાનું અંદાજે ૧૨ લાખ,

પોશીના તાલુકાનું ૧૦ લાખ, વડાલીનું ૮ લાખ ચુકવાય છે. જેમાં કાયદેસર હકકના એચ.આરે ચુકવાનું થાય તો ૨ ટકા શિક્ષકોને જ ચુકવાનું થાય.દર મહિને સરકારના લાખો રૂપિયા, વેડફી નાખવામાં આવે છે. સરકાર દ્વારા લાખો રૂપિયા જો બીજા વિકાસના કામોમાં કે સરકારી પ્રથમિક શાળામાં ભણતા ગરીબ વિદ્યાર્થીઓને સદાય ચુકવા કે શાળાની મરામત, પીવાના પાણી જેવી બાળકોને સુવિધા પાછળ ખર્ચવામાં આવે તેવી જનતાની માંગણી છે.

જિલ્લાના પ્રાથમિક શિક્ષણ અધિકારી તથા જિલ્લાના શિક્ષણ વિભાગના અધિકારીઓ દ્વારા આવા શિક્ષકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી અને સરકારના લાખો રૂપિયા દર મહિને બાતલ જતા રહે છે. શિક્ષણ ખાતાનો મોટામાં મોટો એલ.ટી.સી કૌભાંડ કરતા પણ એચ.આર.એ.કૌભાંડ અત્યારે જિલ્લામાં ચાલી રહ્યું છે. સરકાર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તેવી લોક માંગણી ઉઠવા પામી છે.

# યાત્રાધામ બહુચરાજીમાં ચૈત્ર માસમાં ચૌલવિધિ માટે હજારો દર્શનાર્થીઓ ઉમટી પડશે

ચાણસ્મા

ભારતીય સંસ્કૃતિમાં વિવિધ સંસ્કારોમાં ચૌલક્રિયા (બાબરી)નું વિશેષ મહત્વ છે. આ ચૌલક્રિયા વિધિ મહેસાણા જિલ્લાના યાત્રાધામ બહુચરાજીમાં નિષ્પન્ન થાય છે. સદીઓથી બહુચરાજી ધામ તેના મહત્વના કારણે પવિત્ર ચૈત્ર મહિનામાં માઈભક્તોની અવરજવરથી ધમધમી ઉઠે છે. આગામી ૧૮ મી માર્ચથી શરૂ થતા ચૈત્ર માસને લઈ બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટ દ્વારા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ છે. ભારતીય સંસ્કૃતિની અનેકવિધ વિશિષ્ટ પરંપરાઓની જાળવણી આજના દહાડે પણ લોકસમુદાય દ્વારા થઈ રહી છે. આવી જ એક ચૌલવિધિ છેક મહાભારતકાળથી ચાલી આવે છે. બહુચરાજી ધામમાં આ બહુચરના સાનિધ્યમાં બાબરી (ચૌલક્રિયા) ઉતરાવવાનો પ્રાચીન મહિમા છે. ખાસ કરીને ચૈત્ર મહિનામાં બાબરી ઉતરાવવા હજારો શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. ટેમ્પલ ટ્રસ્ટના સૂત્રોના જણાવ્યા મુજબ, અહીં પ્રતિ વર્ષ ૧૦ થી ૧૨ હજાર જેટલી બાબરી ઉતરે છે. જેમાંથી પાંચેક હજાર જેટલી તો માત્ર ચૈત્ર મહિનામાં જ ઉતરે છે. ઉલ્લેખનીય છે કે, ચૈત્ર મહિના દરમિયાન સ્થાનિક ધર્મશાળાઓ, વાડીઓમાં એડવાન્સ બુકીંગ થઈ જાય છે. આખો મહિનો ભક્તોની અવરજવરથી બજારમાં અને મંદિરમાં મેળા જેવો માહોલ રચાય છે.

પ્રાચીન કથા અનુસાર, મહાભારતકાળમાં ભગવાનશ્રી કૃષ્ણના વાળ ઉતરાવવાની વિધિ આ મંદિરમાં થઈ હતી. ત્યારથી અહીં લોકો વાળ ઉતરાવવા આવે છે. પરિવારમાં પ્રથમ સંતાનરૂપે પુત્ર જન્મની વધામણીરૂપે બાળક પાંચ વર્ષનું થાય ત્યારે બહુચરાજી પધારી વાળ ઉતારે છે. મંદિરના ભટ્ટજીના હસ્તે લટ લેવડાવ્યા બાદ માનસરોવરમાં મુંડન કરાવાય છે. બાળકના વાળ તેની ફોઈ કે બહેન ખોળામાં ઝીલે છે અને દીર્ઘાયુના આશિષ પાઠવે છે.

# હિંમતનગરના ઘોરવાડા ગામે કાચા મકાનમાંથી ઈસમની લાશ મળતાં ચકચાર

હિંમતનગર

હિંમતનગર તાલુકાના ઘોરવાડા ગામના કાસમભાઈ મનસુરીના પુત્ર દ્વારા રૂરલ પોલીસ સ્ટેશને ફોન કરી માહિતી આપવામાં આવેલ કે મારા પિતા બે દિવસથી ગુમ છે અને ઘરમાંથી બદબુ આવી રહી છે તો રૂરલ પોલીસનો કાફલો ઘોરવાડા ગામે પહેચી ગોય હતો અને કાસમભાઈના પાકા મકાનની બાજુમાં આવેલ કાચા મકાનના બીજા રૂમમાંથી આ વાસ આવતી હતી... ત્યા પોલીસે તપાસ હાથ ધરતા ૫ ફુટ ખાડો ખોડીને કાસમભાઈની લાશ નીચે દાટી દેવામાં આવી હતી પોલીસે લાશ બહાર નીકાળી પુત્રને ઓળખ માટે બોલાવતા પુત્રએ પીતાને ઓળખી બતાવતા આ કાસમભાઈ મનસુરીની જ લાશ માલુમ પડી હતી... આ અંગે એફ એસ એલ, ડોગ સ્કોર્ડ, જીલ્લા એસ પી, ડીવાય એસપી ઘટનાસ્થડે આવી પહોચ્યા હતા અને હત્યા અંગેની તપાસ હાથ ધરી હતી....



આમ તો કાસમભાઈ છેલ્લા બે દિવસથી ગુમ હતા અને પરિવારને આ અંગે શંકા જતા શોધખોડ પણ હાથ ધરી હતી પરતું બાજુના કાચા મકાનમાંથી લાશ મળી આવતા પરિવારમાં ચીતાનુ મોજુ ફરી વળ્યુ હતુ... પોલીસ તપાસમાં પ્રાથમિક કારણ તો બોછડ પ્રદાર્થ વડે ઘા કરીને હત્યા કરેલ હોય તેવુ ખુલ્યુ છે અને હત્યા બાદ લાશને ૫ ફુટ ખાડો ખોડીને દાટી દેવામાં આવી હતી... લોકમુખે ચર્ચાતી વાતો પ્રમાણે કામસભાઈ અહિ બંધ પડેલ મકાનમાં વારંવાર આવતા હતા અને તાંત્રીક વિધી કરતા હતા તેવુ પણ જાણવા મળ્યુ છે એ કારણે પણ તેમની હત્યા કરાઈ હોય તેવુ હાલ તો પોલીસને લાગી રહ્યુ છે... તો પુરાવાના નાશ કરવા માટે તેમના જ ઘરમાં કાસમભાઈની લાશને દફન કરવામાં આવી હોય તેવુ હાલ તો પોલીસને લાગી રહ્યુ છે...

નોધનીય છે કે તાત્રીકવિધી માટે અવાર નવાર આ જગ્યા પર મિત્રો સાથે કાસમભાઈ આવતા હતા અને આ તાંત્રીકવીધીને લઈને તેમની હત્યા કરાઈ હોય તેવુ હાલ તો પોલીસને લાગી રહ્યુ છે હાલ તો પોલીસે હત્યાનો ગુન્હો નોધી આરોપીને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે અને આરોપી ઝડપાય ત્યારે જ ખબર પડે કે હત્યાનુ કારણ શુ હતુ...